૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૧



## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● રાવણે રામચંદ્ર અને લક્ષ્મણનો વિનાશ કરવા માટે બહુરૂપિણી વિદ્યા સિદ્ધ કરી, કૌરવોએ પાંડવોનો નાશ કરવા માટે કાત્યાયની વિદ્યા સાધી. કંસે નારાયણનો (શ્રીકૃષ્ણનો) વિનાશ કરવા માટે ઘણી વિદ્યાઓ સાધી પરંતુ તે વિદ્યાઓ દ્વારા રામચંદ્ર, પાંડવો અને કૃષ્ણ નારાયણનું કાંઈ પણ અનિષ્ટ થયું નહીં. રામચંદ્ર વગેરેએ પોતાના વિઘ્નો દૂર કરવા મિથ્યાદેવોની આરાધના ન કરી તો પણ નિર્મળ સમ્યક્ત્વથી ઉપાર્જિત પૂર્વે કરેલા પુણ્યથી તેમના સર્વ વિઘ્ન દૂર થયા. ૧૮૪૫.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૧, ટીકામાંથી)

● જો મૈં બહુત પઢા હૂં ઐસા જિસકે અભિમાન હૈ, વહ પરમાર્થ યાની વીતરાગ પરમાનંદસ્વભાવ નિજ આત્માકો નહીં જાનતા, આત્મજ્ઞાનસે રહિત હૈ, યહ નિઃસંદેહ જાનો. ૧૮૪૬.　　(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૯૩)

● લોકો સુધાનું લક્ષણ બહુ પ્રકારે વૃથા કહે છે, સત્પુરુષોને તો પીડા, વિરોધ, ઉપદ્રવ આદિની બાધા રહિત તથા જીવજંતુ અને મનુષ્યો રહિત સ્થાન તે જ અમૃત છે. ૧૮૪૭.　　(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૬, ગાથા-૧૬)

● દુર્બુદ્ધિ વૈદ્યને તો જાણે છે પરંતુ વેદકને કેમ નથી જાણતો ! પ્રકાશ્યને તો દેખે છે પરંતુ પ્રકાશકને દેખતો નથી એ કેવું આશ્ચર્ય છે ? ૧૮૪૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, ગાથા-૩૯)

● પોતાને પીડા થશે તેમ સમજીને નાનું બાળક પણ ઊંચી શૈયા ઉપરથી નીચે પડવાથી ડરે છે. પરંતુ આ ખરેખર મોટું આશ્ચર્ય છે કે બુદ્ધિમાન પુરુષો ત્રણલોકના શિખર સમાન અતિશય મહાન અને ઊંચા તપથી પણ પોતે નીચે પડવાથી ડરતાં નથી ! ૧૮૪૯.　　(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૬૬)

● (દાવાનળની જ્વાલાથી) બળી રહેલા મૃગોથી છવાયેલા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ (સંસારી) મૂઢ પ્રાણી બીજાઓની (વિપત્તિની) જેમ પોતાની વિપત્તિને જોતો નથી. ૧૮૫૦.　(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૧૪)

● મારું સ્વશરીર પણ જેના (મારા આત્માના) અપકાર-ઉપકારમાં સમર્થ નથી તેના અપકાર–ઉપકાર બીજાઓ કરે છે એમ માનવું મારા માટે વ્યર્થ છે. ૧૮૫૧.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૧૫)

વર્ષ–૧૫
અંક–૬




વિ. સંવત
૨૦૭૭

February
A.D. 2021



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન





**(સમયસાર ગાથા ૯૬ ઉપર પ્રવચન)**

## અત્યંત મધુર ચૈતન્યરસ

વળી જેમ કોઈ અજ્ઞાની પાડાનું ધ્યાન કરતાં-કરતાં એવો તલ્લીન થઈ ગયો કે 'હું મોટા શીંગડાવાળો મોટો પાડો છું' એમ પોતાને પાડારૂપે જ અનુભવવા લાગ્યો, એટલે ઓરડાના બારણામાંથી જાણે હું બહાર નહીં નીકળી શકું–એમ તેને થઈ ગયું. જોકે તે મનુષ્ય છે ને બારણામાંથી બહાર નીકળી શકે તેવો છે, પણ અજ્ઞાનને લીધે પોતાને પાડો જ માનીને ઓરડામાં પૂરાઈ રહે છે. તેમ અજ્ઞાની ઈન્દ્રિય અને મનના વિષયરૂપ પરદ્રવ્યને જાણતાં તેના વિકલ્પોમાં એવો તલ્લીન થઈ ગયો કે 'હું જાણનારો શુદ્ધ ચૈતન્યધાતુ જ છું" એ વાત ભૂલીને, વિકલ્પોરૂપે જ પોતાને અનુભવતો થકો તેમાં જ ચૈતન્યધાતુને રોકી દીધી. ખરેખર તો પોતે ચૈતન્યધાતુ છે ને વિકલ્પોથી બહાર જુદો જ રહેવાનો તેનો સ્વભાવ છે, પણ પરજ્ઞેયોમાં મૂર્છાઈને પોતાના જ્ઞાનને ઢાંકી દીધું, ને અજ્ઞાની થઈને 'હું ક્રોધ, હું શરીર' એમ અજ્ઞાનભાવનો કર્તા થાય છે.





**જો વિભુ હે ! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,**
**તો કીધા તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ ?**

જ્યાં ભેદજ્ઞાન થાય ત્યાં અજ્ઞાનજનિત કર્તાપણું છૂટી જાય છે. ભેદજ્ઞાનવડે ધર્મી જીવ પોતાના આત્માને ચૈતન્યરસપણે અનુભવે છે. રાગથી તદ્દન જુદી જાતનો અપૂર્વ ચૈતન્યરસ ચાખ્યો ત્યાં કષાયના કષાયેલારસને પોતાથી તદ્દન જુદા જાણ્યા. ક્રોધાદિને જાણતાં કે ધર્માસ્તિ વગેરે અચેતનને જાણતાં, 'તે ક્રોધાદિ હું નહીં, ચૈતન્યરસપણે જે સ્વાદમાં આવી રહ્યો છે તે જ હું છું'—એમ નિરંતર પોતાને ચૈતન્યસ્વાદરૂપે જ ધર્મી અનુભવે છે.

અહીં તો ચૈતન્યરસના સ્વાદ ઉપરથી જ ધર્મી-અધર્મીનું માપ છે. વિકલ્પોથી જુદા પોતાના ચૈતન્યસ્વાદને જે અનુભવે છે, તે જીવ ધર્મી છે. અને શુભરાગ—વ્રતાદિ કરવા છતાં તેનાથી ભિન્ન ચૈતન્યરસના સ્વાદને જે અનુભવતો નથી તે જીવ અધર્મી છે. અરે ભાઈ! તારા ચૈતન્યરસનો સ્વાદ કેવો મધુર છે—એનીય તને ખબર નથી ને ક્રોધાદિના વિકારી રસપણે જ તું પોતાને અનુભવે છે—એ તો તને મોહનું ભૂત વળગ્યું છે.

જેને કષાયરસથી અત્યંત જુદા મધુર ચૈતન્યરસની ખબર નથી તે જ અનેક વિકલ્પોના સ્વાદને આત્મારૂપે અનુભવતો થતો તેનો કર્તા થાય છે. ચૈતન્યનો મધુરરસ જેણે ચાખ્યો તે સમસ્ત વિકલ્પોના રસને પોતાથી તદ્દન જુદો વિલક્ષણ જાણતો થકો, તે વિકલ્પને જરાપણ કરતો નથી. ચૈતન્યરસમાં વિકલ્પ નથી, એટલે વિકલ્પ વખતેય જ્ઞાની પોતાના ચૈતન્યરસથી ભ્રષ્ટ થતા નથી, ચૈતન્યરસપણે જ તે પોતાને નિરંતર અનુભવે છે. એકકોર મૃતકક્લેવર લીધું, બીજીકોર અત્યંત મધુર ચૈતન્યરસથી ભરેલો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા લીધો.—અજ્ઞાની અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન ભગવાનને ભૂલીને મૃતક્ક્લેવરમાં (જડમાં ને રાગમાં) મૂર્છિત થયો છે; જ્ઞાની અત્યંત મધુર ચૈતન્યરસના સ્વાદ પાસે આખા જગતના સ્વાદને પોતાથી ભિન્ન જાણે છે.

અરે, લોકોમાં એક આંખ કાણી હોય તો શરમાઈને તેને ઢાંકે છે; તો અરે ભાઈ! અહીં શુભાશુભ વિકલ્પો તો ચૈતન્યથી જુદા આંધળા છે, તે આંધળા ભાવરૂપે પોતાને અનુભવતાં તને શરમ કેમ નથી આવતી? વિકલ્પોથી લાભ માનીને તેના વેદનમાં રોકાયો ત્યાં તારા ભેદજ્ઞાનચક્ષુ બીડાઈને તું આંધળો થયો. તે અંધપણું કેમ ટળે ને તારા ભેદજ્ઞાનચક્ષુ કેમ ખૂલે—તેની આ રીત સંતો સમજાવે છે. ચૈતન્યસ્વાદ અને રાગનો સ્વાદ—એ બંને સ્વાદની અત્યંત ભિન્નતા અનુભવાય ત્યારે ભેદજ્ઞાનશક્તિ ઊઘડી જાય

**લીલા વૃક્ષો યુત વનગણોને અહો! લોકમાંહી,**
**ના બાળે શું શિશિર પણ રે! હિમરાશિય આંહી? ૧૩.**　　કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

છે; ત્યારે તે જ્ઞાનીધર્માત્મા એમ જાણે છે કે અહા, આવો ચૈતન્યરસ પૂર્વે કદી મેં ચાખ્યો ન હતો; આ અપૂર્વ ચૈતન્યસ્વાદપણે અનાદિઅનંત નિરંતર મારો આત્મા અનુભવાય છે; આવા ચૈતન્યરસમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે; આ સ્વાદ પાસે રાગાદિ બધા ભાવો બેસ્વાદ છે, મારા ચૈતન્યસ્વાદમાં પરભાવનો કોઈ સ્વાદ નથી. વિષયોનો અશુભસ્વાદ, કે ભક્તિ વગેરે શુભરાગનો સ્વાદ, તે બધાયની જાતથી મારો ચૈતન્યરસ જુદી જ જાતનો છે. આવા ચૈતન્યરસ સાથે કષાયરસનું એકપણું માનવું તે તો અજ્ઞાનથી જ છે. જ્ઞાનીને પોતાના જ્ઞાનરસમાં કોઈપણ પ્રકારના રાગની એકતા ભાસતી નથી, રાગથી જુદી ને જુદી જ્ઞાનરસની ધારા તેના અંતરમાં નિરંતર વહે છે. અનંત અતીન્દ્રિય આનંદનો ખજાનો અંતરમાં ભેદજ્ઞાનવડે તેને ખૂલી ગયો છે. તે ઠાંસોઠાંસ ભરેલા ચૈતન્યના આનંદમાં હવે કોઈ સૂક્ષ્મ વિકલ્પ પણ સમાય નહીં. નિરંતર એક સહજ જ્ઞાન જ હું છું, કૃત્રિમ ક્રોધાદિ કષાયભાવો તે હું નથી—એમ ધર્મી અનુભવે છે. 'ક્રોધ—રાગાદિ હું છું' એવું આત્મબુદ્ધિ તે જરાપણ કરતો નથી.

ભલે શાસ્ત્રના શબ્દોની ધારણા ન હોય, શિવભૂતિ મુનિ જેવાને मा रुष...मा तुष એટલા શબ્દો પણ યાદ રહેતા ન હતા, છતાં અંદરના વેદનમાં રાગથી જુદો ચૈતન્યરસ અત્યંત સ્પષ્ટ અનુભવાતો હતો; તે ચૈતન્યરસના અનુભવની ધૂનમાં લીન થઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા. मा रुष...मा तुष ભલે યાદ ન રહ્યું પણ અંદરના સ્વસંવેદનવડે શાંતચૈતન્યરસ અને ક્રોધાદિ કષાયરસ—બંનેને અત્યંત જુદા કરી નાખ્યા. અહા, ક્યાં ચૈતન્યની શાંતિ ! ને ક્યાં ક્રોધાદિની આકુળતા !! તેને એકમેકપણે જ્ઞાની કેમ અનુભવે ? ચૈતન્યની શાંતિમાં કષાયનો અગ્નિકણ કેમ સમાય ?—આવું સ્પષ્ટ ભિન્નપણું ભેદજ્ઞાન વડે અનુભવમાં આવે ત્યારે જીવ જ્ઞાની થયો કહેવાય, અને તે જ્ઞાની આનંદમય જ્ઞાનચેતનારૂપ વિજ્ઞાનઘનપણે જ વર્તતો થકો, રાગાદિ સર્વે પરભાવોનો અત્યંત અકર્તા જ છે. આ રીતે અત્યંત મધુર ચૈતન્યરસના સ્વાદથી ભરેલા ભેદજ્ઞાન વડે જ રાગાદિના કર્તાપણાનો નાશ થાય છે— એ વાત સિદ્ધ થઈ. અહો, આત્મામાં ભરેલો આવો સરસ ચૈતન્યસ્વાદ, તેની મીઠાશની શી વાત ! ભેદજ્ઞાન વડે હે જીવ ! તું તારા ચૈતન્યરસને એકવાર ચાખ તો ખરો. તને તારો આખો આત્મા પરમ અતીન્દ્રિય આનંદરૂપે અનુભવાશે. (ક્રમશઃ)

*

**યોગીઓ તો જિનપતિ ! સદા તું પરાત્મારૂપીને,**
**રે ! શોધે છે હૃદયકજના કોશદેશે ફરીને;**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



## શ્રી સમયસાર-શાસ્ત્રની પ્રતિષ્ઠાનો વાર્ષિક મહોત્સવદિન

આત્માના ગુણોનો ઘાત થાય છે ત્યારે જ પુણ્યવૃત્તિ ઉત્પન્ન થાય છે, તેથી તે પાપ જ છે. ભગવાન આત્મા તો શુદ્ધજ્ઞાનનો અવતાર છે. આત્મા કદી વિકારપણે ઉપજ્યો જ નથી, સદાય શુદ્ધજ્ઞાનપણે જ જયવંત છે. બધાય આત્મા દેહ-મંદિરમાં આવા જ બિરાજમાન છે, પણ પોતાને પોતાના મહિમાની ખબર નથી તેથી પરનો મહિમા માની બેઠો છે તથા પોતાને વિકાર જેટલો તુચ્છ માની રહ્યો છે; એ મહામિથ્યાત્વરૂપી ઝેર ચઢ્યું છે ને તેથી ચોરાશીના અવતારમાં રખડી રહ્યો છે. આ શ્રીકુંદકુંદભગવાનના મંત્રો શુદ્ધઆત્મસ્વભાવની શ્રદ્ધા કરાવીને તે ઝેર ઉતારી નાંખે છે.

આજે ભગવાન સમયસારની મહામાંગળિક સ્થાપનાનો દિવસ છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા. જેણે પોતાના શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કર્યા તેણે જ ખરેખર પોતાના આત્મામાં સમયસારની સ્થાપના કરી છે. અને બહારમાં, શુદ્ધ આત્માને દર્શાવવામાં નિમિત્તરૂપ આ સમયસારશાસ્ત્રની સ્થાપના છે. ખરેખર શાસ્ત્રમાં કે શુભવિકલ્પમાં શુદ્ધાત્મા નથી, શુદ્ધાત્મા તો અંતરમાં પોતાનો ત્રિકાળ સ્વભાવ છે. તે સ્વભાવની શ્રદ્ધા અને બહુમાનનો વિકલ્પ ઉઠતાં, નિમિત્તમાં ઉપચાર કરીને તેનો વિવેક કરવામાં આવે છે. તેમાં પરમાર્થે તો પોતાના શુદ્ધાત્માનું જ બહુમાન છે.

આત્માના જે ભાવથી જન્મ-મરણનો અંત આવે ને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય તે ધર્મ છે. શુદ્ધ આત્માની ઓળખાણ-શ્રદ્ધા અને તેમાં લીનતા તે શુદ્ધભાવ છે, તે જ ધર્મ છે ને તેનાથી મોક્ષ થાય છે. પુણ્યભાવમાં આત્મધર્મ નથી, પુણ્યથી આત્માને લાભ નથી ને પોતે પુણ્યભાવ કરીને બીજાનેય કાંઈ લાભ કરી શકતો નથી. સંત-મુનિને પાંચ મહાવ્રતની વૃત્તિનું જે ઉત્થાન થાય છે તે પણ વિકાર છે. આત્મા તો શુદ્ધ જ્ઞાનનો જ અવતાર છે.

**શું કર્ણિકા વિણ અપર રે ! સંભવે છે અનેરૂં,**
**સ્થાન હ્યાં તો પુનિત અમલા અબ્જના બીજ કેરૂં ? ૧૪.**

આત્મસ્વભાવમાંથી કદી વિકાર જન્મતો નથી પણ શુદ્ધજ્ઞાનદશા જ જન્મે છે. વિકાર તો સ્વપ્નમાં પણ નથી, પૂર્વે પણ કદી ન હતો. હે જીવ! આ તારા સ્વભાવની વાત છે, તું સદા આવો શુદ્ધજ્ઞાનનો અવતાર છો. આવા પોતાના સ્વભાવનો વારંવાર અભ્યાસ અને મનન કરવું જોઈએ. 'હું વિકારી, હું અધૂરો, હું પરનો કર્તા'—એમ વિકારના અભ્યાસની ટેવ જગતને અનાદિથી છે, એ તો મિથ્યાઅભ્યાસ છે. જો શુદ્ધ જ્ઞાનસ્વભાવનો અભ્યાસ કરે તો પર્યાયમાંથી વિકાર ટળે ને શુદ્ધતા પ્રગટે.

હું શુદ્ધ જ્ઞાનનો જ અવતાર છું, કદી શરીરમાં તો હું અવતર્યો નથી ને વિકારભાવોરૂપે પણ હું કદી અવતર્યો નથી, ત્રણેકાળે હું શુદ્ધજ્ઞાનનો જ અવતાર છું. પુણ્ય-પાપની ઉત્પત્તિ તે હું નથી, મારામાં શુદ્ધજ્ઞાન સિવાય બીજા કોઈ ભાવની ઉત્પત્તિનું સ્થાન જ નથી.—આવો મારો સ્વભાવ જ સર્વ તત્ત્વોમાં સાર છે. ને તે જયવંત વર્તે છે. શુદ્ધ એકરૂપ સ્વભાવનો મહિમા કરતાં આચાર્યદેવ કહે છે કે 'जयति समयसारः'—સમયસાર જયવંત છે.

ધર્માત્માઓએ પોતાનો સ્વભાવ જ આદરવા યોગ્ય છે. આ આત્માને પોતાનો સ્વભાવ જ સારભૂત છે. સિદ્ધભગવાન તે તેમના આત્મા માટે મહાન છે, તે ખરેખર આ આત્માને ઉપાદેય નથી, તે તો આ આત્માથી જુદા છે. તેથી તેમના લક્ષે રાગ થાય છે.

પોતાનો આત્મા સુખરૂપી સમુદ્રથી ભરપૂર છે, તે જ પોતાને ઉપાદેય છે. પરમાં જે સુખદુઃખની કલ્પના કરી છે તે તો ક્ષણિક મિથ્યાભાવ છે. આત્માનો ત્રિકાળ આનંદસ્વભાવ અંતરમાં ભર્યો છે. પોતાનો જે સ્વભાવ હોય તે કદી ટળે નહિ, જુદો પડે નહિ ને વિકારી થાય નહિ. પર્યાયમાં વિકારની યોગ્યતા છે પણ ત્રિકાળી સ્વભાવમાં વિકારની યોગ્યતા નથી. અવસ્થાની લાયકાતથી તે તે વખતે વિકાર પોતે કરે છે, કાંઈ કર્મ કરાવતું નથી. પરંતુ અહીં તો એ બતાવવું છે કે અવસ્થા જેટલો આત્મા નથી, આત્મા ત્રિકાળ આનંદનો સમુદ્ર છે અને ક્લેશરૂપી સમુદ્રથી પાર છે. જ્ઞાનીને ક્લેશનો વિકલ્પ થઈ જાય પણ પરિપૂર્ણ સ્વભાવમાં તેનો સ્વીકાર નથી. અહીં આશય શું બતાવવાનો છે તે સમજજો. આત્માનું મૂળ અખંડ સ્વરૂપ શું છે કે જેને માનવાથી સમ્યગ્દર્શન પ્રગટે—તે અહીં બતાવવું છે.

આ જીવ સુખરૂપી જળથી ભરેલો સમુદ્ર છે. તેને સ્વભાવના કારણે દુઃખ નથી ને સંયોગના કારણે પણ દુઃખ નથી. પોતાના સ્વભાવને ક્ષણિક વિકારી અવસ્થા જેટલો

પામે ભવ્યો ક્ષણમહિં પ્રભુ હે! પરાત્માદશાને,
જિનેશા હે! શરીર તજીને આપશ્રીના જ ધ્યાને;

માન્યો છે તેથી જ દુઃખ છે, પોતાના પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતિ કરે તો તે દુઃખ ટળે છે. આત્મા ત્રિકાળ આનંદ વગેરે ગુણોનો પિંડ છે, તે વર્તમાન-વર્તમાન પણ તે પરિપૂર્ણ આનંદપણે વર્તે છે. 'આત્મા ત્રિકાળ પૂરો છે'—એમાં ત્રિકાળ કહેતાં ત્રણેકાળ ભેગા થઈને આત્માની પૂર્ણતા થાય છે—એમ ન સમજવું, પણ ત્રણેકાળમાં જે સમયે જુઓ તે સમયે એકેક સમયમાં તે પરિપૂર્ણપણે જ વર્તે છે—એમ સમજવું. પર્યાયમાં—પરમાં આનંદની જે કલ્પના છે તે તો બહારનો ભાવ છે; તે ભાવરહિત આત્મા આનંદથી જ ભરપૂર છે, તે જ એક બધાયનો સાર છે, ને મુમુક્ષુઓને તે જ આદરણીય છે. બહારમાં સુખ માનીને રાગ કરવો કે દુઃખ માનીને ખેદ કરવો તે આત્માનું સ્વરૂપ નથી. પોતાનો આત્મા સ્વયં આનંદથી ભરપૂર છે ને ક્લેશરહિત છે, એ ત્રિકાળ એવો ને એવો જયવંત વર્તે છે.—એની શ્રદ્ધા-જ્ઞાન તે જ ધર્મ છે. આવા સ્વભાવનું સત્‌સમાગમે શ્રવણ, મનન, ચિંતવન કરવું તે જ ધર્મી થવાનો પહેલામાં પહેલો ઉપાય છે.

ભગવાન સમયસાર આનંદની પવિત્ર મૂર્તિ છે, કર્મના નિમિત્તે ઉત્પન્ન થતા વિકારીભાવો તેના સ્વરૂપમાં નથી. જો આત્માના સ્વરૂપમાં વિકારીભાવો હોય તો તેનો કદી નાશ થાય નહિ. પુણ્ય-પાપને પોતાનું સ્વરૂપ માનવું તે સંસારનું કારણ છે ને પુણ્ય-પાપ રહિત પરમ શુદ્ધસ્વભાવને માનવો તે મુક્તિનું કારણ છે.

ઊંધી માન્યતા એક સમય પૂરતી જ છે, એકેક સમય બદલી બદલીને ઊંધી માન્યતામાં અનંતકાળ ગયો છે. સવળી માન્યતા તથા મોક્ષ તે પણ એક જ સમયપૂરતી અવસ્થા છે. ચૈતન્યવસ્તુ ત્રિકાળ છે, ઊંધી માન્યતા વખતે ને સવળી માન્યતા વખતે તે એકરૂપ છે. તે વસ્તુને લક્ષમાં લેતાં પર્યાય ગૌણ થઈ જાય છે. બંધપર્યાય ટળશે ને મોક્ષપર્યાય પ્રગટ થશે—એવા પર્યાયભેદના વિચારથી મિથ્યાત્વ ટળતું નથી, બંધ અને મોક્ષ એવું દ્વૈતપણું જેમાં નથી એવા એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શન થાય છે. બંધપર્યાય વખતે મોક્ષપર્યાય હોતો નથી, મોક્ષપર્યાય વખતે બંધપર્યાય હોતો નથી, પણ આત્મસ્વભાવ તો દરેક અવસ્થા વખતે એકરૂપ પૂરો છે. પર્યાયમાં જે વિકાર થાય તેને પોતાનું સ્વરૂપ માનીને ન અટકતાં, પૂરા સ્વભાવને જ જાણવો ને તેને જ આદરણીય માનવો તે મુક્તિનો ઉપાય છે. એનું જ નામ શુદ્ધભાવ છે. (ક્રમશઃ)

❋

તીવ્રાગ્નિથી તજી દઈ અહો ! ભાવ પાષાણ કેરો,
પામે લોકે ઝટ કનકતા જે રીતે ધાતુભેદો. ૧૫.



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, જીવદ્રવ્યને પણ એ જ પ્રમાણે અનાદિનિધન કાર્ય-કારણભાવ સાધે છે :—

**जीवो अणाइणिहणो परिणममाणो हु णवणवं भावं।**
**सामग्गीसु पवट्टदि कज्जाणि समासदे पच्छा ॥२३१॥**

અર્થ :—જીવદ્રવ્ય છે તે અનાદિનિધન છે અને તે નવા નવા પર્યાયોરૂપે પ્રગટ પરિણમે છે; તે જ પ્રથમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રીમાં વર્તે છે પછી કાર્યને–પર્યાયને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :—જેમ, કોઈ જીવ પહેલાં શુભપરિણામરૂપે પ્રવર્તે છે, પછી સ્વર્ગને પ્રાપ્ત થાય છે, તથા (કોઈ જીવ) પહેલાં અશુભપરિણામરૂપે પ્રવર્તે છે, પછી નરકાદિ પર્યાયને પ્રાપ્ત થાય છે–એમ સમજવું.

સિદ્ધથી માંડીને નિગોદ સુધીના દરેક જીવ અનાદિ-નિધન છે અને તે જ જીવ પ્રગટરૂપ પોતાની પર્યાયરૂપથી પ્રતિક્ષણ પરિણમિત થાય છે; તેમાં બાહ્ય વસ્તુ તો નિમિત્તમાત્ર છે, તે જીવમાં કાંઈપણ નથી કરાવતું. રાગ કરે કે વીતરાગતા; ધર્મ કરે કે અધર્મ–આ બધી પર્યાયરૂપ, જીવ સ્વયં જ પરિણમિત થાય છે. જીવદ્રવ્ય, પૂર્વ પરિણામમાં વર્તે છે, તે કારણરૂપ છે. પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ—આ સામગ્રીરૂપ પરિણમે છે, તે કારણરૂપ છે અને ઉત્તર પર્યાય કાર્યરૂપ છે. જુઓ, આ ઉપાદાનકારણ અને કાર્યની સ્વતંત્રતા.

ભાઈ ! પરવસ્તુ નિમિત્ત છે અને નિમિત્ત, જીવના પરિણામના કર્તા નથી. નિગોદનો જીવ પણ પોતાના જ કારણ-કાર્યથી પરિણમિત થઈ રહ્યો છે. દ્રવ્ય, ત્રિકાળ પર્યાયોનો પિંડસ્વરૂપ છે, તેમાં પૂર્વપર્યાયનો વ્યય, તે ઉત્તર પર્યાયની ઉત્પત્તિનું કારણ છે. પૂર્વ પરિણામની અસ્તિને ઉત્તર પર્યાયનું કારણ કહેવું પણ વ્યવહારથી છે. હકીકતમાં કારણ-કાર્યમેં સમયભેદ નથી. દ્રવ્ય, ત્રણેકાળના પરિણામોમાં અન્વય-અવિચ્છિન્ન રહે છે.

**જેની અંતઃ ભવિ થકી સદા તું વિભાવાય ભાવે,**
**જિનેશા હે ! શરીર પણ તે નાશ કાં તું કરાવે ?**

જે પ્રકારે કોઈ જીવ પહેલા શુભપરિણામમાં પ્રવર્તતો હતો અને સ્વર્ગગતિને પામે છે અને કોઈ જીવ પહેલા અશુભપરિણામરૂપ પ્રવર્તે છે તે પછી નરકાદિ પર્યાયોને પામે છે. જુઓ, આ સ્થૂળ દૃષ્ટાંત છે. વાસ્તવમાં તો દરેક સમયમાં દ્રવ્ય, કારણ-કાર્યરૂપ પરિણમિત થઈ રહ્યું છે.

હવે 'જીવદ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને જ નવીન પર્યાયરૂપ કાર્યને કરે છે' એમ કહે છે :—

**ससरूवत्थो जीवो कज्जं साहेदि वट्टमाणं पि ।**
**खेत्ते एकम्मि ठिदो णियदव्वे संठिदो चेव ।।२३२।।**

અર્થ :—જીવદ્રવ્ય છે તે પોતાના ચૈતન્યસ્વરૂપમાં (ભાવમાં) પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાયસ્વરૂપ કાર્યને સાધે છે.

ભાવાર્થ :—પરમાર્થથી વિચારીએ તો પોતાનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપ થતો થકો જીવ, પર્યાયસ્વરૂપ—કાર્યરૂપે પરિણમે છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે, તે તો નિમિત્તમાત્ર છે.

જીવાદિ દ્રવ્ય, પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને પોતાનું કાર્ય કરે છે. પોતાના દ્રવ્ય, પોતાના ક્ષેત્ર અને પોતાની પર્યાયરૂપ કાળમાં રહીને જ દ્રવ્ય, પોતાના નવા-નવા ભાવો કરે છે.

પરમાર્થથી વિચાર કરવામાં આવે તો પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ થતો થકો જીવ, પર્યાયસ્વરૂપ કાર્યરૂપ પરિણમે છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તે તો નિમિત્તમાત્ર છે. ઉપાદાનનું કાર્ય કહો અથવા નૈમિત્તિક કહો, એક જ વાત છે અને તે સ્વતંત્ર છે. નૈમિત્તિક કહ્યું, તેમાં નિમિત્તની અપેક્ષા આવે છે પણ તે કાર્ય નિમિત્તના કારણે થયું છે—એમ નથી. જેમ, માટીથી ઘડો થાય છે, તે સમયે કુંભાર ભલે નિમિત્ત હો પરંતુ કુંભાર તે ઘડાનો કર્તા નથી; ઘડો તો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ થઈને જ થયો છે, તેમાં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો નિમિત્તમાત્ર છે. કાર્ય તો એક જ થયું છે, તે કાર્ય નિમિત્તથી થયું છે અને ઉપાદાનથી થયું છે—એમ બે પ્રકાર નથી.

**વા વર્ત્તે આ નકી અહીં અરે ! મધ્યવર્ત્તિ સ્વરૂપ,**
**મ્હાનુભાવો વિગ્રહ શમવે સર્વથા જિનભૂપ ! ૧૬.**

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની નાસ્તિ છે. કેવળજ્ઞાન, જીવના પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ થાય છે; વજ્રવૃષભનારાચસંહનનના કારણે કેવળજ્ઞાન થતું નથી. અત્યારે અહીં તો પંચમકાળ છે તથા વજ્રવૃષભનારાચસંહનનનો અભાવ છે, ભરતક્ષેત્રમાં જન્મ થયો છે, માટે કેવળજ્ઞાન થતું નથી—એમ છે નહીં. હકીકતમાં જીવની પોતાની પર્યાયના કારણે કેવળજ્ઞાન થયું નથી. બાહ્યસામગ્રીની નબળાઈને કારણે કાર્ય રોકાઈ ગયું છે—એમ છે નહીં પરંતુ અંદરની નબળાઈને કારણે કેવળજ્ઞાન થયું નથી.

જુઓ, પર્યાયની અપેક્ષાથી તો પ્રથમ સમયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેય બીજા સમયે પલટાઈ જાય છે. સદૃશતાની અપેક્ષાથી દ્રવ્યને ધ્રુવ કહે છે પરંતુ પહેલા સમયનું દ્રવ્ય, બીજા સમયની પર્યાય અપેક્ષાએ પલટાઈ ગયું છે. જેમ, ઘંટીમાં બે પત્થરમાં ઉપરનો પત્થર ફરે છે પણ નીચેનો સ્થિર રહે છે; તે જ પ્રમાણે કોઈપણ વસ્તુમાં બે અલગ-અલગ પડખા નથી કે એક પડખું ધ્રુવ રહે અને બીજું પડખું પલટે. ઘંટીના બંને પાટ તો અલગ-અલગ વસ્તુ છે; આ પ્રમાણે કોઈ વસ્તુમાં ધ્રુવ અને ઉત્પાદ-વ્યય સર્વથા ભિન્ન વસ્તુ નથી. ધ્રુવવસ્તુ પલટીને પર્યાય થાય છે, ધ્રુવ અલગ નથી રહેતો.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૩૦ થી ચાલુ) (ઉપગૂહન અંગની કથા)

લોકો ચાલ્યા ગયા પછી જિનભક્ત શેઠે પણ તે સૂર્યચોરને એકાંતમાં બોલાવીને ઠપકો આપ્યો અને કહ્યું—'ભાઈ ! આવું પાપકાર્ય તને શોભતું નથી; વિચાર તો કર કે તું પકડાયો હોત તો તને કેટલું દુઃખ થાત ? માટે આવા ધંધાને તું છોડ !'

તે ચોર પણ શેઠના આવા ઉમદા વ્યવહારથી પ્રભાવિત થયો ને પોતાના અપરાધની માફી માંગતાં તેણે કહ્યું—'શેઠ ! આપે જ મને બચાવ્યો છે; આપ જૈનધર્મના ખરા ભક્ત છો. લોકોની સમક્ષ આપે જ મને 'સજ્જન-ધર્માત્મા' કહીને ઓળખાવ્યો. તો હવે, હું પણ ચોરી છોડીને ખરેખર સજ્જન ધર્માત્મા થવાનો પ્રયત્ન કરીશ. ખરેખર, જૈનધર્મ મહાન છે, અને આપના જેવા સમ્યગ્દૃષ્ટિ જીવો વડે તે શોભે છે. આ રીતે, તે શેઠના ઉપગૂહનગુણને લીધે ધર્મની પ્રભાવના થઈ.

(આ કથા આપણને એમ શીખવે છે કે સાધર્મીના કોઈ દોષને મુખ્ય કરીને ધર્મની નિંદા થાય તેમ ન કરવું પણ પ્રેમપૂર્વક સમજાવી તેને તે દોષથી છોડાવવો અને ધર્માત્માના ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસાદ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેમ કરવું.)

**આ આત્મા તો મનીષિ જનથી તુંથી નિર્ભેદ ભાવે,**
**ધ્યાયાથી હે જિનવર ! બને તુજ જેવો પ્રભાવે.**

## શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૨, ગાથા ૧૩-૧૪)

### અમૂલ્ય માનવભવ પામીને આત્મશાંતિ પામો

પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટોપદેશ છે. ઈષ્ટોપદેશ એટલે કે આત્માને હિતકર ઉપદેશ. એમાં એમ કહે છે કે પોતાનું શુદ્ધસ્વરૂપ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર તેનું રક્ષણ નથી કરતા તે આ અમૂલ્ય માનવભવને ધનાદિ કમાવાની-રાખવાની ચિંતામાં વેડફી નાખે છે. પોતાનો અનાદિનિધન શુદ્ધસ્વભાવ છે તેની તો રક્ષા કરતો નથી કે જે કારણે સંસારનો નાશ થાય. હું પોતે જ આનંદકંદ છું, આત્માના જ્ઞાન ઉપાર્જનમાં શાંતિ છે. પણ ચોવીસે કલાક ધનાદિના મમત્વમાં જ ઘેરાઈ ગયો છે. આત્મા પૂરણ આનંદથી ભરેલો છે. સિદ્ધસમાન કેવળજ્ઞાન ને આનંદરૂપી લક્ષ્મીથી ભરેલો છે, તેની રક્ષા કરવાની એટલે કે શ્રદ્ધા-જ્ઞાન કરવાની દરકાર નથી ને બહારની લક્ષ્મી આદિ ઉપાર્જન કરવામાં ને તેની રક્ષા કરવામાં દુઃખ છે છતાં તેમાં કાળ વ્યતીત કરે છે.

પ્રશ્ન :—કોઈ કહે કે અમે પૈસા આદિ ઉપાર્જન કરીયે તો પાછળ દયા, દાનમાં કામ આવે ને ? તો તે લક્ષ્મી આદિને તમે નિંદાને યોગ્ય કેમ કહો છો ? અમે પુણ્યથી ઉપાર્જન કરીએ છીએ અને પછી પાત્રોને દાન દઈએ. પૂજાદિનું કાર્ય કે જે પુણ્યનું કારણ છે તે ધન વિના તો થઈ શકતું નથી, તો તે પુણ્યનું કારણ ધન નિંદ્ય કેમ છે ?

સમાધાન :—લક્ષ્મી ઉપાર્જન કરવાનો ભાવ તે જ પાપ છે. તે તો કાદવ લગાડીને સ્નાન કરવા જેવું છે. પહેલાં કીચડ લગાડવાથી શું ? તેથી તે ન્યાયની વાત નથી કે પાપનું બંધન કર્યા પછી પુણ્ય કરવું. વળી ધનાદિ દાનાદિમાં ખર્ચવામાં રાગની તારી મંદતા હોય તો ઠીક, પણ જો માન માટે કે દુનિયાની આબરૂ માટે ખર્ચે તો ઉપાર્જનમાં તો પાપ પણ ખર્ચવામાં પણ પાપ ! માટે પહેલેથી પાપથી લક્ષ્મી ઉપાર્જન જ કરવી નહીં. લક્ષ્મી આદિ એટલે સ્ત્રી, પુત્ર વિગેરે બહારની ચીજ ઉત્પન્ન કરવી, તેની રક્ષા કરવી ને તેનાથી મને ધર્મનું સાધન થશે—તે તારી માન્યતા જ મૂઢ છે. પોતાના ધર્મનું સાધન તો પોતામાંથી જ ઉત્પન્ન થાય છે.

પોતાના સ્વરૂપની રક્ષા કર્યા વિના પરની રક્ષા કરવામાં કાળ જાય છે, તે તો

**અત્રે પાણી પણ અમૃત આ એમ રે! ચિંતવાતું,**
**નિશ્ચેથી શું વિષવિકૃતિને ટાળનારું ન થાતું ? ૧૭.**

વ્યાધિ-તાવમાં ઘી ખાવું ને વ્યાધિનું જોર વધારવું તેવી વાત છે. માટે લક્ષ્મી આદિ ઉપાર્જન કરવાનો ભાવ છોડવો અને પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા એ જ કરવાલાયક છે.

પ્રશ્ન :—શિષ્ય ગુરુને પૂછે છે કે પ્રભુ ! આ મહામુશ્કેલીથી ઉત્પન્ન કરેલ લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, કુટુંબ, આબરૂ આ ભવમાં દુઃખ દેવાવાળા છે ને પરભવમાં પણ દુઃખ દેવાવાળા છે, તો પછી તેવી સંપત્તિને લોકો છોડી કેમ દેતા નથી ? તેની મમતા છોડીને આત્માની સમતા કેમ કરતા નથી ?

विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते ।
दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत् ।।१४

દેખે વિપત્તિ અન્યની, નિજની દેખે નાહિ,
બળતાં પશુઓ વન વિષે, દેખે તરુ પર જાઈ. ૧૪.

સમાધાન :—જેમ જંગલમાં અનેક હરણો દાવાનળથી બળી રહ્યા છે. તેવી રીતે જંગલની મધ્યમાં ઝાડ ઉપર બેઠેલા પુરુષની માફક સંસારી પ્રાણી બીજા ઉપર આવેલી મુશ્કેલી ઉપરથી પોતાના માટે ખ્યાલ કરતો નથી. જેમ હરણો બળે છે તેમાં મારે શું ? પણ તું જે વૃક્ષ પર બેઠો છે ત્યાં હમણાં અગ્નિ આવશે ને સળગી જઈશ તેને તો તે દેખતો નથી. આખું જંગલ સળગે છે ને તેમાં તો તું પડ્યો છે ! તેમ આત્માના આનંદના ભાન વિના સંયોગની વચ્ચે પડ્યો છે, તો સંયોગ ચાલ્યા જશે ને વિયોગ આવી પડશે. કારણ કે તે તો અનિત્ય છે. પણ તેનો તે વિચાર કરતો નથી. બીજાની લક્ષ્મી ગઈ, તેનો પુત્ર મરી ગયો, તેના શરીરમાં રોગ આવ્યો. તેમાં મારે શું ? પણ ભાઈ ! તારે પણ આવશે ! કારણ કે આ તો જડ-માટી ધૂળ છે, તે કાંઈ આત્મા નથી.

સમ્યગ્દૃષ્ટિને પણ થોડો રાગ હોય છે પણ તેમાં પરિમિત-મર્યાદિત દોષ છે, કારણ કે તેને તો હું આત્મા આનંદમય છું તેવી દૃષ્ટિ છે, તેથી લક્ષ્મી આદિનો રાગ આવે છે તોપણ તે લક્ષ્મી આદિના કારણે રાગ આવતો નથી અને રાગમાં સુખબુદ્ધિ નથી.

છ ખંડનું રાજ હોવા છતાં ભરત ઘરમેં વૈરાગી એમ આવે છે ને ! છ ખંડનું રાજ ને ૯૬ હજાર સ્ત્રી હોવા છતાં અંદરમાં ઉદાસ, ઉદાસ; હું તો આત્મા આનંદમય છું, મારો આનંદ પરમાં નથી અને આસક્તિનો રાગ જરા આવે છે તેને ઝેર માને છે, દુઃખ માને

**વિભુ તુંહી તમરહિતને વાદીઓએ અનેરા,**
**નિશ્ચે શંભુ હરિ પ્રમુખની ધીથી માની રહેલા;**

છે. મારો આનંદ મારી પાસે છે—તેમ સમકિતી ગૃહસ્થાશ્રમમાં માને છે, સ્ત્રી-પુત્રાદિમાં આનંદ માનતો નથી. સમકિતીની દૃષ્ટિ પોતાના આત્માના આનંદ ઉપર છે. મિથ્યાદૃષ્ટિ પરમાં આનંદ માને છે અને બીજાનું દુ:ખ દેખી પોતાને પણ દુ:ખ આવશે તેવું જોતો નથી. તેને લક્ષ્મી આદિમાં એટલી આસક્તિ ને ગૃદ્ધિ હોય છે કે તેનો વિવેક નાશ થઈ ગયો છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુ:ખ છે અને તેનું ફળ સંયોગ પણ દુ:ખરૂપ છે. તેથી જે દુ:ખરૂપ છે તેને તે સુખરૂપ માને છે કેમકે તેનો વિવેક નાશ થઈ ગયેલો છે.

અજ્ઞાની એ ખ્યાલ નથી કરતો કે જેમ બીજાઓ વિપત્તિઓનો શિકાર-ભોગ બને છે, તેવી રીતે હું પણ વિપત્તિઓનો શિકાર બની પણ જાઉં ! પ્રતિકૂળતા આવી પણ જાય ! કારણ કે બહારની ચીજ પુણ્યના કારણે આવે છે ને પાપના કારણે ચાલી જાય છે, તેમાં પુરુષાર્થ કાંઈ કામ કરતો નથી. અહીં તો કહે છે કે પુણ્યને કારણે મળેલી અનુકૂળતામાં સુખબુદ્ધિ છોડી દેવી અને પાપના કારણે મળેલી પ્રતિકૂળતામાં દુ:ખબુદ્ધિ છોડી દેવી, ને આત્મા આનંદકંદ છે તેમાં દૃષ્ટિ લગાવવી તે માટે આ ઈષ્ટ ઉપદેશ છે.


''ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.''—એમ બનારસીદાસ સમયસાર નાટકમાં કહે છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુ:ખરૂપ છે તેની દૃષ્ટિ છોડવી. વળી બહારની સંપત્તિ ખરેખર ક્યારે છૂટી કહેવાય ? કે પોતાના સ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનમાં તેની તુચ્છતા જણાય, તેમાં ક્યાંય સુખ છે નહીં તેમ તુચ્છતા જણાતાં તેની મમતા ચાલી જાય ને સ્વરૂપની સમતા આવે ત્યારે તેને છોડી કહેવામાં આવે છે. મમતા છોડ્યા વિના છોડ્યું શું કહેવાય ? બાકી બહારમાં તો કર્મના ઉદયને કારણે ઘણીવાર સંપત્તિ છૂટી છે.

અજ્ઞાની સંયોગમાં સુખ-દુ:ખ માને છે પણ સંયોગ તો ચડતી-પડતી, છાયા-તડકાની જેમ તેની મુદતથી આવે છે ને તેની મુદતે ચાલી જાય છે. તારી ચીજમાં તે ચીજ ક્યાં છે કે તું તેની રક્ષા કરી શકે ને રાખી શકે ? હું તો સુરક્ષિત છું. મારી સંપત્તિ સાથે વિપત્તિના સંબંધ નથી એમ સંયોગમાં સુખ માનનારાને સ્વભાવમાં સુખ છે તેની ખબર નથી માટે તે મૂઢ છે, દુ:ખી છે અને સંયોગના વિયોગમાં દુ:ખ માનનારા પણ મૂઢ છે. પરમાં સુખ-દુ:ખ ક્યાં છે ? દુ:ખ તો પોતાના આત્માની દૃષ્ટિ છોડીને પરમાં સુખ-દુ:ખની માન્યતા કરવી તે મિથ્યાત્વભાવ દુ:ખ છે. (ક્રમશ:) ❊

ધોળો શંખે તદપિ કમળાયુક્તથી જિનરાય !
નાના વર્ણે વિપરીત મતિએ ન શું તે ગ્રહાય ? ૧૮.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૧-૨)

સંસારમાં ભમતાં અનંતકાળે મોંઘું એવું સંજ્ઞીપણું જેને પ્રાપ્ત થયું છે, અને તેમાં પણ આત્મહિતની શિખામણ સમજવા જેટલી વિચારશક્તિ ખીલી છે, એ પ્રકારની જ્ઞાનની તાકાત છે અને સમજવાની જિજ્ઞાસા છે, એવા જીવોને આ ઉપદેશ શ્રીગુરુ કરુણાપૂર્વક સંભળાવે છે. અહા, સંતોએ મોક્ષનો માર્ગ સમજાવીને જગત ઉપર ઉપકાર કર્યો છે.

દુ:ખનો નાશ, સુખની પ્રાપ્તિ—બસ, આમાં મોક્ષમાર્ગ આવી ગયો. દુ:ખનું કારણ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર તેને તો જિનવાણી નાશ કરાવે છે, અને સુખનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે પ્રગટ કરાવે છે. જે ભાવ વડે દુ:ખનો નાશ ન થાય ને સુખનો અનુભવ ન થાય તે ભાવને ભગવાન ધર્મ કહેતા નથી, તેને મોક્ષમાર્ગ કહેતા નથી; ને એવા ભાવનું સેવન કરવાનું જેમાં કહ્યું હોય તે ઉપદેશ સાચો નથી, હિતકર નથી, ઈષ્ટ નથી. સંતોએ તો જેનાથી જીવનું ભલું થાય એવા વીતરાગવિજ્ઞાનની જ શિખામણ આપી છે, તેને જ ધર્મ કહ્યો છે.

ત્રણ લોકમાં કોઈ જીવોને દુ:ખ ગમતું નથી; દુ:ખથી બધાં જીવો ડરે છે. શું નિગોદના જીવો પણ દુ:ખથી ડરે છે?–હા, અવ્યક્તપણે તે પણ દુ:ખથી છૂટવા જ માંગે છે. દરેક જીવનો સ્વભાવ જ એવો છે કે સુખ જ તેનું સ્વરૂપ છે, ને દુ:ખ તેનું સ્વરૂપ નથી. કોઈવાર અપમાન વગેરેના દુ:ખ આડે શરીર છોડીનેય તે દુ:ખથી છૂટીને સુખી થવા માંગે છે, શરીર રહિત એકલો રહીનેય દુ:ખથી છૂટવા માંગે છે, એટલે શરીર વગર એકલો આત્મા સુખી રહી શકે છે, તેથી સાબિત થાય છે કે આત્મા પોતે સુખસ્વરૂપ છે. 'અરે, આવા દુ:ખ કરતાં તો મરી જવું સારું' –એમ મરણ કરતાં પણ દુ:ખ અસહ્ય લાગે છે, દુ:ખથી છૂટવા માટે મરણને પણ ગણકારતો નથી, આ રીતે જીવને દુ:ખ ગમતું નથી તેથી શરીર છોડીને પણ દુ:ખથી છૂટવા માંગે છે, એટલે અવ્યક્તપણે પણ એમ સિદ્ધ થાય છે કે આત્મામાં દેહ વગર સુખ છે. જો દેહાતીત આત્માને પોતામાં દેખે તો જરૂર અતીન્દ્રિય–

**સાન્નિધ્યેથી તુજ ધરમના બોધવેળા વિલોક!**
**દૂરે લોકો ! તરૂ પણ અહો ! થાય અત્રે 'અશોક';**

સુખ અનુભવમાં આવે. પણ આત્માનું સાચું ભાન કરતો નથી તેથી પોતાનું સુખ પોતાના અનુભવમાં આવતું નથી.

અંદર અપમાન વગેરેનું તીવ્ર દુઃખ લાગે, સમાધાન કરી ન શકે, નાપાસ થયો હોય કે ધંધામાં મોટી ખોટ ગઈ હોય, દેહની તીવ્ર પીડા સહન ન થાય—એવા પ્રસંગે કોઈ જીવ વિચારે છે કે અરેરે! હવે તો ઝેર ખાઈને આ દુઃખથી છૂટું.–જુઓ, તો ખરા, ઝેર ખાવું સહેલું લાગે છે પણ દુઃખ સહન કરવું અઘરું લાગે છે! ભાઈ, દેહ છોડીને પણ ખરેખર જો તું સુખી થવા માંગતો હો ને દુઃખથી તારે છૂટવું હોય તો તેનો સાચો રસ્તો લે. દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા શું ચીજ છે તેની ઓળખાણ કરીને વીતરાગી વિજ્ઞાન પ્રગટ કરવું તે જ સાચો ઉપાય છે. અહીં એ ઉપાય સંતો તને બતાવે છે, તે સાવધાન થઈને સાંભળ.

'આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.' અરે, દેહના રોગની પીડાથી છૂટવા માંગે છે, પણ ભાઈ, આત્મભ્રાંતિના રોગનું મહાન દુઃખ છે, તેનાથી છૂટવાનો ઉપાય કર. તે માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપનારા સદ્‌ગુરુને સાચા વૈદ્ય જાણ. એવા ગુરુ દુઃખથી છૂટવાનો ને સુખ પ્રગટ કરવાનો જે ઉપદેશ આપે છે તે સાંભળવાની ભલામણ હવે બીજી ગાથામાં કરશે.

## તારા કલ્યાણ માટે ભાવશ્રવણ કર...ને તારી ભૂલ છોડ

પહેલી ગાથામાં શ્રીગુરુ ઉપદેશ આપે છે એ વાત બતાવી; હવે બીજી ગાથામાં શિષ્યને ભલામણ કરે છે કે હે ભવ્ય! તારા આત્માના કલ્યાણ માટે સાવધાન થઈને સ્થિરચિત્તપૂર્વક તું આ ઉપદેશને સાંભળ.

અહો, વીતરાગમાર્ગી દિગંબર સંત–મુનિ વગેરે ગુરુઓએ જીવના હિતને માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ દીધો છે...તેને હે ભવ્ય જીવો! તમે સાંભળો.




ताहि सुनो भवि मन थिर आन,
जो चाहो अपनो कल्याण।
मोह-महामद पियो अनादि,
भूल आपको भरमत वादि ।।२।।

ભાનુકેરો સમુદય થયે નાથ! આ જીવલોક,
શું વિબોધ ત્યમ નહિ લહે સાથમાં વૃક્ષથોક? ૧૯.

જો તમે પોતાનું હિત ચાહતા હો તો હે ભવ્ય જીવો! શ્રીગુરુના આ હિતોપદેશને મન સ્થિર કરીને તમે સાંભળો. 'હે ભવ્ય જીવો! હે મોક્ષના લાયક પ્રાણીઓ! હે પોતાનું હિત ચાહનારા જીવો!'—આમ ઉત્તમ સંબોધન કરીને ભલામણ કરે છે કે વીતરાગવિજ્ઞાનનો આ ઉપદેશ તમે ધ્યાનપૂર્વક સાંભળો; દુઃખથી છૂટવા ને મોક્ષસુખ પામવા માટેનો આ ઉપદેશ ઉપયોગ લગાવીને તમે સાંભળો. તેનાથી જરૂર તમારું હિત થશે. બીજેથી ઉપયોગ હઠાવીને આ તમારા હિતની વાત પ્રેમથી–ઉત્સાહથી સાંભળો.

શ્રી ગુણધરઆચાર્યદેવે कषायप्राभृतની ૧૦મી ગાથામાં सुण એવો શબ્દ મૂક્યો છે. તેનો અર્થ કરતાં જયધવલા–ટીકામાં શ્રી વીરસેનસ્વામી લખે છે કે 'શિષ્યને સાવધાન કરવા માટે ગાથાસૂત્રમાં જે सुण એટલે કે સાંભળ'—એવું પદ છે તે એમ બતાવવા માટે છે કે અણસમજુ શિષ્યને વ્યાખ્યાન કરવું નિરર્થક છે' (પૃષ્ઠ ૧૭૧) જેને સમજવાની દરકાર નથી એવા જીવોને માટે ઉપદેશ નથી દેતા, પણ જે સમજવાની ધગશવાળા છે એવા શિષ્યોને કહે છે કે તમે સાંભળો. જેમ પાણી જોઈએ તો તે માટે ઘરના ગાય વગેરે પશુને તે નથી કહેતા કે પાણી આપ; કેમકે તેનામાં તેવી શક્તિ નથી. પણ સમજદાર આઠ વર્ષના બાળકને પાણી લાવવાનું કહેતાં તે સમજી જાય છે; તેમ અહીં આત્માનું સ્વરૂપ સમજવાની જેનામાં તાકાત છે, જેનામાં તેવી જિજ્ઞાસા જાગી છે એવા જીવોને સન્તો તેની વાત સંભળાવે છે, ને કહે છે કે સુણ! એટલે કે અમે જે ભાવ કહીએ છીએ તે તું લક્ષમાં લે. ભાવ સમજે તો જ ખરૂં સાંભળ્યું કહેવાય. અહીં પણ કહે છે કે તમારા હિતની વાત સાંભળો—'ताहि सुनो भवि मन थिर आन,' હે ભાઈ! દુઃખથી છૂટવાની ને સુખને પામવાની એવી તારા હિતની વાત તને કહીએ છીએ, તો તારા હિત માટે સાવધાન થઈને તું સાંભળ. આડીઅવળી બીજી વાત ને બીજા વિકલ્પો છોડીને, આ વીતરાગવિજ્ઞાનની વાત લક્ષપૂર્વક સાંભળો. બીજા રસ છોડીને આ ચૈતન્યના વીતરાગવિજ્ઞાનમાં તત્પર થાઓ.

જુઓ તો ખરા, સાંભળનાર શ્રોતાને પણ કેવી ભલામણ કરી છે! અરે જીવો, તમે તમારું કલ્યાણ ચાહતા હો, હિત ચાહતા હો, સુખ અને મોક્ષ ચાહતા હો તો તેને માટે આ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ અમારી પાસે છે તે ધ્યાનપૂર્વક સાંભળો. બાકી સંસારમાં પૈસા વગેરે કેમ મળે કે રોગાદિ કેમ મટે–એવો ઉપદેશ અમારી પાસે નથી; રાગ તો દુઃખ છે, તેનો પોષક ઉપદેશ અમારી પાસે નથી; અમારી પાસે તો સુખનો પોષક એવો વીતરાગવિજ્ઞાનનો જ ઉપદેશ છે. તેની જેને ગરજ હોય તે સાંભળો. (ક્રમશઃ) ❊

રે! ચોપાસે વિમુખ ડિટડે માત્ર શાને પડે છે
વૃષ્ટિ ભારી સુરકુસુમની ? હે વિભુ! ચિત્ર એ છે !



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૨) જેની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર છે, તેની મિથ્યારુચિ સાધક છે ને બહિરાત્મા સાધ્ય છે. તેવા જીવને સ્વભાવની બહાર રહેવું ગમે છે. વિષયમાં સુખ, ઇન્દ્રિયોમાં ને લક્ષ્મીમાં સુખ માને તે વિપરીતભાવ સાધક છે, તેને જ્ઞાનાનંદમાં જવું નથી, પર્યાયની રુચિમાં જવું છે, માટે તેને બહિરાત્મા સાધ્ય છે. પુણ્ય-પાપની રુચિથી બહિરાત્મા સાધ્ય છે. આત્માની પર્યાયમાં ભ્રાંતિ થાય તે સાધક છે. તેનું લક્ષ્ય બહિરાત્મા છે. સ્વભાવ અથવા અંતરાત્મા તેનું લક્ષ્ય નથી.

(૩) હું શુદ્ધ છું, વિકાર અશુદ્ધ છે, શરીરાદિ જડ છે, તેવો સમ્યક્ભાવ સાધક છે ને જ્ઞાનાનંદ સ્વભાવ મારી જાતિ છે, તેવી જાતિને સિદ્ધ કરવી તે લક્ષ્ય છે. સમ્યક્ભાવનું ધ્યેય શું છે? હું જ્ઞાનાનંદ છું, મારી ચારિત્રપરિણતિ વીતરાગતા છે. એવો સમ્યક્ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવની જાતિ સિદ્ધ કરવી તે તેનું સાધ્ય છે.

(૪) હું ચિદાનંદ છું—એવી શુદ્ધપરિણતિ થવી તે સાધન છે, તે શુદ્ધપરિણતિથી પરમાત્મા સાધ્ય છે. એકરૂપ જ્ઞાયક તત્ત્વસાધ્ય છે, પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ અવસ્થા થઈ તે સાધક છે, તેનું લક્ષ પરમ આત્મા છે. શુદ્ધ ઉપયોગનું વલણ પુણ્ય-પાપ ઉપર હોતું નથી. શુદ્ધ ઉપયોગ પર્યાય છે ને સાધ્ય અથવા ધ્યેય દ્રવ્ય છે.

(૫) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સાચાં શાસ્ત્ર તરફના વલણનો ભાવ ને ૨૮ મૂળગુણનો વિકલ્પ તે સાધક છે, તે વિકલ્પનું લક્ષ નિશ્ચયરત્નત્રય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે, એવો વિચાર ઘોળાય છે છતાં તે વિચાર તોડી, નિશ્ચયરત્નત્રય પ્રગટ કરવા તરફનું વલણ છે. વસ્તુ અખંડ છે, તેની પ્રતીતિ, જ્ઞાન ને રાગરહિત શાંતિનું પરિણમન તે વ્યવહારરત્નત્રયના પરિણામનું ધ્યેય છે. રાગ ખરેખર સાધન નથી. વ્યવહારરત્નત્રયનું લક્ષ પુણ્ય બાંધવા ઉપર નહીં પણ શુદ્ધતા ઉપર હોય તો જ વ્યવહારને નિમિત્ત ગણી ઉપચારથી સાધક કહેવાય. નિશ્ચયરત્નત્રય લક્ષ્ય છે. વ્યવહારરત્નત્રય વિકારી પર્યાય છે ને નિશ્ચયરત્નત્રય નિર્વિકારી પર્યાય છે.

**વા ત્હારા રે ! દરશન પથે પ્રાપ્ત થાતાં જ નિશ્ચે,**
**મુનીશા હે ! સુમન ગણના બંધનો જાય નીચે. ૨૦.**

દ્રવ્યસ્વભાવને પકડું, તેનું સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરું ને વીતરાગી દશા પ્રગટ કરું—આમ સાધ્ય ઉપર લક્ષ છે તેથી વ્યવહારરત્નત્રયને નિમિત્તમાત્ર સાધક કહેલ છે.

(૬) મિથ્યાદૃષ્ટિને વિરતિ હોઈ શકે નહિ. દેહની ક્રિયા ને પુણ્યની ક્રિયામાં ધર્મ માને છે તેને વ્યવહારપરિણતિ સાધક હોઈ શકે નહિ. હું જ્ઞાયક છું એવી સમ્યક્શ્રદ્ધાવાળા જીવને અંશે વીતરાગ ચારિત્ર હોય તો ૨૮ મૂલગુણ પાલનના શુભરાગને સાધક કહે છે. ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે. મિથ્યાદૃષ્ટિને ચારિત્ર સાધ્ય ન હોય.

એક સમયનો વિકાર હોવા છતાં તેને ગૌણ કરી હું શુદ્ધ છું એવા ભાનવાળાને આગળ વધવાનો પુરુષાર્થ છે, ત્યાં ભાવલિંગી મુનિદશા પ્રગટ કરે તો તે જીવને ૨૮ મૂળગુણ પાલનની વિરતિ વ્યવહારપરિણતિ થવી તે સાધક છે, ચારિત્ર સાધ્ય છે. ત્યાં શ્રદ્ધા ને જ્ઞાન તો છે જ પણ વિશેષ ચારિત્રની વાત છે. અભ્યંતર આનંદકંદમાં રમતા હોય તે મુનિ હોય છે. આહાર-પાણી દોષવાળાં લેતા હોય તે તો નિશ્ચય અગર વ્યવહારથી પણ મુનિ નથી. મુનિ માટે ખાસ ચીજો બનાવે ને મુનિ તે લ્યે તો તે વ્યવહારથી પણ મુનિ નથી. વ્યવહારથી શુદ્ધિ નહિ હોવા છતાં મુનિ માને ને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. એક રજકણ મારો નથી, પુણ્ય-પાપ મારાં નથી, હું જ્ઞાયક છું, એવી દૃષ્ટિ ઉપરાંત મુનિદશા થઈ છે તેને વિકલ્પ ઉઠે તો એકવાર નિર્દોષ આહાર લ્યે વગેરે ૨૮ મૂળગુણપાલનરૂપ વિરતિ વ્યવહારપરિણતિ સાધક છે ને અંતરમાં ચારિત્રશક્તિ મુખ્ય થવી તે સાધ્ય છે. શાસ્ત્ર ભણીને જ્ઞાન વધવાની મુખ્યતા નથી. વ્યવહારપરિણતિમાં શાસ્ત્ર ભણે, રાગ ઘટાડે પણ તેનો મુખ્યહેતુ ચારિત્રની શાંતિ પ્રગટે ને વધે તે છે. વ્યવહારપરિણતિનું લક્ષ્ય વ્યવહાર નથી તેમ જ શાસ્ત્રનું ભણતર પણ નથી. લોકમાં મારી પ્રતિષ્ઠા વધશે, આટલા માણસો મારાં વ્યાખ્યાનો સાંભળશે—એવું ધ્યેય નથી. પડિમા કે મુનિપણું લઈ જાઉં તો મારી પ્રતિષ્ઠા વધશે એવી માન્યતા બધી સમજણ વિનાની છે, તે વાત છે જ નહીં.

જ્ઞાન ઓછુંવત્તું હો, જગત માનો કે ન માનો, ઉપદેશ દેતાં આવડે કે ન આવડે, તે લક્ષ્ય નથી, પણ ચારિત્રની શાંતિ સાધ્ય છે તે એક જ લક્ષ્ય છે.

(૭) સાચા દેવ-સર્વજ્ઞદેવ, તેમની વાણી અનુસાર રચાયેલાં શાસ્ત્ર અને દિગંબર સંત મુનિઓ—તેમના વિનય, પૂજા, સત્કાર ઊભા થઈને આદર કરવો તે સાધક છે, તે વિકલ્પનું લક્ષ્ય ઉદાસીનતા છે. સ્ત્રી-કુટુંબ પ્રત્યેના અશુભભાવ થાય છે તેનો નાશ થઈ મન સ્થિર થાય છે. મનની સ્થિરતા સાધ્ય છે, સાચા દેવાદિનું બહુમાન સાધક છે. ત્યાં

**સ્થાને છે આ ગંભીર હૃદયાબ્ધિ થકી ઉદ્‌ભવેલી,**
**ત્હારી વાણી તણી પીયૂષતા છે જનોએ કથેલી;**

વિષયકષાયથી ઉદાસીનતા થઈ મનપરિણતિ સ્થિરતા સાધ્ય છે, એટલે અશુભમાં ન જવા પૂરતો મનમાં શુભ વિકલ્પ થવો તે ધ્યેય છે.

(૮) સર્વજ્ઞદેવ, ગુરુ ને શાસ્ત્ર શું કહે છે તેનો વિકલ્પ કરવો તે શુભોપયોગ છે. તેની દૃષ્ટિ તો જ્ઞાયકસ્વભાવ ઉપર છે, પણ અમુક સ્થિરતા છે અને વિશેષ સ્થિરતા કરીને મોક્ષ પામશે, માટે મોક્ષ સાધ્ય છે. સાધકને અશુભરાગ મટી ગયો છે ને પૂર્ણ શુદ્ધતા થઈ નથી, દૃષ્ટિમાં શુભ-અશુભનો આદર નથી, અશુભ છૂટી ગયેલ છે, પણ શુભ વિકલ્પ હોય છે ત્યારે મોક્ષને પ્રાપ્ત કરું એવો વિચાર કરે છે તેથી મોક્ષ પરંપરા સાધ્ય છે.

જેણે દ્રવ્યસ્વભાવને લક્ષમાં લીધો છે, અશુભનો અભાવ થયો છે ને શુભમાં આવો વિચાર વર્તે છે તે શુભનો અભાવ કરી મોક્ષ કરશે, માટે શુભોપયોગને મોક્ષનો પરંપરા સાધક કહ્યો છે.

(૯) અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે, ત્યાં અભેદ પોતે જ પૂર્ણરૂપ થાય તે ધ્યેય છે. અહીં પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કહીને વાત લીધી છે. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સાધક જીવની વાત છે. પૂર્ણપરિણામયુક્ત દ્રવ્ય તે કારણ છે ને ઉત્તરપરિણામ-યુક્ત દ્રવ્ય તે કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જીવદ્રવ્ય સાધક છે ને આખો આત્મા પૂર્ણ એકાકાર થઈ જવો તે ધ્યેય છે. અંતરાત્મારૂપ જીવદ્રવ્યનું ધ્યેય પૂર્ણરૂપે પરિણમવાનું છે. ચક્રવર્તી થાઉં, તીર્થંકર થાઉં, દેવ થાઉં એ નથી. અંતરાત્માને વિકલ્પ આવે પણ તે વિકલ્પ ધ્યેય નથી. હું ચિદાનંદ છું, મન-વાણી-દેહ, પુણ્ય-પાપ હું નથી. એવી પ્રતીતિ થઈ ગયેલ જીવને પૂર્ણ પરમાત્મારૂપે થવું તે સાધ્ય છે. પાંચ મહાવ્રતના પરિણામ કરવાનું ધ્યેય નથી. વ્રતના પરિણામ હોય છે પણ તે અંતરાત્માનું ધ્યેય નથી. સાધકને શુભપરિણામ તે તે કાળે આવે છે પણ તેનું ધ્યેય પોતે પરમાત્મા થાય તે ઉપર છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

ક્રિયા સ્વતંત્રપણે થાય તેનું જ્ઞાન કરવું અને તે વખતના નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે 'આણે આ કર્યું ' એમ ઉપચારથી માત્ર કહેવું તે વ્યવહાર છે. પણ જીવ પરનું વ્યવહારે કરી શકે છે એમ માનવું તે વ્યવહારનય નથી તે તો મિથ્યાત્વ છે.

**તેને પીને પર પ્રમદના સંગભાગી વિરામે,**
**નિશ્ચે ભવ્યો અજર અમરાભાવને શીઘ્ર પામે. ૨૧.**

# આત્માર્થી થા

હે ભાઈ! પહેલાં તું સાચો આત્માર્થી થા! દેહનું–રાગનું–માનનું કે જગતની બીજી કોઈ ચીજનું પ્રયોજન મારે નથી, મારે તો એક મારા આત્માનું જ પ્રયોજન છે; કઈ રીતે હું મારા આત્માનો આનંદ અનુભવું–એ જ એક મારે જોઈએ છે;—આમ ખરેખરી જિજ્ઞાસા પ્રગટ કરીને જે જીવ આત્માર્થી થયો તેને આત્માનો અનુભવ થાય જ... તેનો ઉદ્યમ આત્મા તરફ વળે જ. પરંતુ જેના હૃદયમાં આત્મા સિવાય બીજું કાંઈ પણ શલ્ય હોય તે જીવ ક્યાંક ને ક્યાંક (દેહમાં, રાગમાં, પુણ્યમાં, માનમાં કે છેવટ શાસ્ત્રના જાણપણામાં) અટકી જાય છે. એટલે આત્માને સાધવા માટે ઉદ્યમ તે કરી શકતો નથી. જે જીવ આત્માનો અર્થી થાય તે આત્મજ્ઞ–સંતોનો સમાગમ અને તેમની ઉપાસના કરીને વારંવાર પરિચયપૂર્વક તેમની પાસેથી આત્માનું સ્વરૂપ જાણીને તેનો નિર્ણય કરે, ને અંતરના ઉદ્યમ વડે અનુભવપૂર્વક તેની શ્રદ્ધા કરે. આ જ આત્માર્થ સાધવાની એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની રીત છે.





## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય—અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૨) અશરણ—અનુપ્રેક્ષા

અશુભકર્મની ઉદીરણા થતાં જીવની બુદ્ધિ નાશ પામે છે, તેને કોઈ ઉપાય દેખાતો નથી; અમૃત પણ વિષ થઈ જાય છે, તણખલું પણ શસ્ત્ર થઈ જાય છે ને સ્વજનો પણ શત્રુ થઈ જાય છે—કોઈ શરણ થતું નથી. (૧૭૩૮)

અને જ્યારે અશુભકર્મોનો ઉપશમ થાય છે ત્યારે મૂર્ખ જીવને પણ બુદ્ધિ પ્રગટે છે, દરેક ઉપાય તેને સૂઝી જાય છે; તથા શત્રુ પણ તેના સ્વજન બની જાય છે, શસ્ત્ર પણ તણખલાં જેવા બની જાય છે ને વિષ પણ અમૃત થઈ જાય છે. (૧૭૩૯)

પાપના ઉદયથી મનુષ્યને હાથમાં રહેલું ધન પણ નાશ પામી જાય છે; અને પુણ્ય સહિત જીવને દૂર રહેલું ધન યત્ન વગર પણ આવી મળે છે. (૧૭૪૦)

કોઈ જીવ સુંદર ચેષ્ટા કરતો હોવા છતાં પાપોદયને લીધે જગતમાં દોષને પામે છે—અર્થાત્ લોકમાં તેની નિંદા થાય છે; અને કોઈ જીવ દુષ્ટ ચેષ્ટા કરતો હોવા છતાં પુણ્યોદયને લીધે તે લોકમાં ગુણને પામે છે અર્થાત્ લોકમાં તેની પ્રશંસા થાય છે. (૧૭૪૧)

ગુણ ન હોવા છતાં કોઈ જીવ પુણ્યોદયને લીધે જશ કીર્તિ પામે છે; અને પાપના ઉદયથી કોઈ ગુણવાન જીવનો પણ અપજશ થાય છે. (૧૭૪૨)

જેને મટાડવાનો કોઈ ઈલાજ નથી એવા નિરૂપક્રમ કર્મના ફળમાં જન્મ-જરા-મરણ-રોગ-ચિંતા-ભય-વેદના વગેરે ઉપસ્થિત થતાં, જીવને કોઈ શરણ દેનાર કે રક્ષણ કરનાર નથી. ભલે પાતાળમાં પેસી જાય તો પણ જીવ સ્વકર્મના ઉદયથી છૂટી શકતો નથી. (૧૭૪૩-૧૭૪૪)




ગિરિ-ગૂફામાં, જંગલમાં, સમુદ્રમાં, જમીનમાં, પહાડમાં કે લોકના છેડે, જગતના કોઈપણ અતિ દુર્ગમ સ્થાનમાં જઈને જીવ સંતાય તોપણ ઉદયગત કર્મથી તે છૂટી શકતો નથી. (૧૭૪૫)

બે-પગા, ચૌપગા કે અનેક પગા (મનુષ્ય, ગાય કે સર્પ વગેરે) પ્રાણીઓની ગતિ જમીન પર છે; માછલાંની ગતિ પાણીમાં છે; પંખીની ગતિ આકાશમાં છે; પરંતુ કર્મની ગતિ તો સર્વત્ર છે. (૧૭૪૬)

આ લોકમાં સૂર્યપ્રકાશ, ચંદ્રપ્રકાશ, પવન તેમજ વિક્રિયાઋદ્ધિવાળા દેવાદિ પણ જ્યાં પ્રવેશ ન કરી શકે એવા અગમ્ય પ્રદેશો તો છે, પરંતુ એવો તો કોઈ પ્રદેશ નથી કે જે કર્મને માટે અગમ્ય હોય. (૧૭૪૭)

અશુભ કર્મનો ઉદય થતાં જીવને વિદ્યા, ઔષધ, મંત્ર, બળ, સેના, સ્વજનો, હાથી, ઘોડા, રથ, યોદ્ધા કે શામ-દામ વગેરે કોઈ ઉપાય શરણરૂપ થતા નથી. (૧૭૪૮)

જેમ ઉદય પામનાર સૂર્યને અટકાવનાર જગતમાં કોઈ નથી, તેમ ઉદયમાં આવેલા કર્મને અટકાવનાર કોઈ નથી. (૧૭૪૯)

જગતમાં રોગનો તો પ્રતિકાર જોવામાં આવે છે પરંતુ ઉદયગત કર્મનો કોઈ પ્રતિકાર નથી. જગતના જીવોને કર્મ મદોન્મત્ત હાથીની જેમ રગદોળે છે. (૧૭૫૦)

મનુષ્યને અશુભ કર્મનો ઉદય હોય ત્યારે રોગાદિનો પણ કોઈ પ્રતિકાર નથી; તે કર્મનો ઉપશમ હોય ત્યારે જ રોગાદિનો પ્રતિકાર થાય છે. (૧૭૫૧)

જીવને અશુભકર્મના ઉદય વખતે વિદ્યાધર, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી કે દેવેન્દ્ર એ કોઈ પણ શરણરૂપ થતા નથી. (૧૭૫૨)

કોઈ પુરુષ ચાલીને પર્વત ઉલંઘી જાય કે તરીને સમુદ્ર પાર કરી જાય, પરંતુ ઉદયગત કર્મફળને ઉલંઘવા કે તરવા કોઈ સમર્થ નથી. (૧૭૫૩)

સિંહે જડબામાં પકડેલા હરણને, કે તિમિંગલ નામના મોટા મગરમચ્છે પકડેલા માછલાને, જેમ કોઈ શરણ નથી; તેમ કર્મોદયથી ઘેરાયેલા જીવને કોઈ શરણ નથી. (૧૭૫૪)

કર્મના ઉદય વખતે કર્મનો નાશ કરવાના કારણરૂપ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ તે રક્ષણ કરનારા ને શરણ દેનારા છે. (૧૭૫૫)

(ઇતિ અશરણ-ભાવના)

*

**હે, સ્વામિશ્રી! અતિ દૂર નમી ને ઉંચે ઊછળંતા,**
**માનું શુચિ સુરચમરના વૃંદ આવું વંદતા—**



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—પુરુષ પ્રમાણ છે કે વચન પ્રમાણ છે?**

ઉત્તર :—પુરુષ પ્રમાણે વચન પ્રમાણ—પુરુષની પ્રમાણતા અનુસાર તેના વચનની પ્રમાણતા હોય છે. પૂર્ણ પુરુષને ઓળખ્યા પછી તેના વચનોને પ્રમાણ જાણીને, તેમાં કહેલાં વસ્તુસ્વરૂપને ધર્મી જીવો સમજી જાય છે. જો પુરુષની પ્રમાણતા ન હોય તો વાણી પણ પ્રમાણરૂપ નથી, અને તેને પોતાના નૈમિત્તિકભાવમાં પણ જ્ઞાનની પ્રમાણતા નથી. પ્રમાણજ્ઞાનમાં નિમિત્ત તરીકે પ્રમાણરૂપ વાણી જ હોય એટલે કે સત્ સમજવામાં જ્ઞાનીની જ વાણી નિમિત્ત હોય, અજ્ઞાનીની વાણી નિમિત્ત ન હોય. સર્વજ્ઞ પુરુષને ઓળખ્યા વગર તેના વચનની પ્રમાણતા સમજાય નહિ અને તે વગર આત્માની સમજણ થાય નહિ. માટે સૌથી પહેલાં સર્વજ્ઞનો નિર્ણય અવશ્ય કરવો જોઈએ.

**પ્રશ્ન :—અમે આખો દિવસ સવારથી સાંજ સુધી પરના કાર્ય કરીએ છીએ ને ન કરવું તેમ આપ કહો છો?**

ઉત્તર :—પરનું ન કરવું એમ નહિ, પણ પરનું કાર્ય કરી શકતો જ નથી. ન કરવું એમાં તો પરનું કરી શકે છે પણ કરવું નહિ એમ આવે છે (-એવો અર્થ થાય છે) પણ અહીં તો આત્મા શરીરાદિ પરદ્રવ્યનું કાર્ય કિંચિત્‌માત્ર પણ કરી શકતો જ નથી. પરનું કરવાની એનામાં શક્તિ જ નથી છતાં પણ હું આખો દિવસ પરના કાર્ય કરું છું તેમ માનવું એ જ મિથ્યાત્વનું મોટું પાપ છે. એક વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટે છે. અન્ય વસ્તુથી બહાર લોટતી વસ્તુ અન્યને શું કરી શકે? પાણીથી બહાર લોટતી અગ્નિ પાણીને અડ્યા વિના ગરમ શી રીતે કરી શકે? શાકથી બહાર લોટતી છરી શાકના કટકા શી રીતે કરે? શાકના કટકાની પર્યાય વસ્તુથી પોતાથી જ સ્વયં થાય છે, તેને બહાર લોટતી વસ્તુ અડતી જ નથી તો તેને કરે શું? સમયસાર ગાથા ૩માં કહ્યું છે કે દરેક વસ્તુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે પણ અન્ય વસ્તુને અડતી કે સ્પર્શ કરતી નથી, તો અન્ય વસ્તુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે પણ અન્ય વસ્તુને અડતી કે સ્પર્શ કરતી નથી તો અન્ય વસ્તુ અન્ય વસ્તુને કરે શું? સ્ત્રીનો હાથ

વેલણની બહાર લોટે છે વેલણ રોટલીથી બહાર લોટે છે, તો બહાર લોટતી વસ્તુ અન્ય વસ્તુને કરે શું? માત્ર કર્તાપણાનું અભિમાન અજ્ઞાની કરે છે. દરેક વસ્તુ પોતપોતાથી સ્વતંત્ર પરિણમે છે. એવો સર્વજ્ઞ ભગવાનનો દિવ્યધ્વનિમાં ઢંઢેરો છે, છતાં એક દ્રવ્યને હું કરી શકું છું, પલ્ટી શકું છું–એવી માન્યતામાં અનંતા પદાર્થોને હું પલ્ટી શકું છું–એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

પ્રશ્ન :—જો કંઈક બીજાની સેવા વગેરે પરમાર્થના કામ કરીએ તો કાંઈક કર્યું કહેવાય, એકલા પોતાનું કરે ને બીજાનું કાંઈ ન કરે–એમાં શું? પોતાનું પેટ તો કૂતરાય ભરે છે!

ઉત્તર :—પરનું કાંઈક કરવું તે પરમાર્થ—એ વાત જ તદ્દન ખોટી છે. લોકોને મોટો ભ્રમ ઘરી ગયો છે કે પરનાં કામ કરવા તે પરમાર્થ છે. પણ પરમાર્થની એવી વ્યાખ્યા નથી. પરમાર્થ પરમ પદાર્થ એટલે (પરમ+અર્થ) પરમ પદાર્થ–ઉત્કૃષ્ટ પદાર્થ; તો આત્મા છે, તેને ઓળખવો તે જ સાચો પરમાર્થ છે, અથવા પરમ પદાર્થ એટલે મોક્ષ, તેનો ઉપાય કરવો એટલે કે આત્માની સમજણ કરવી તે જ પરમાર્થ છે. પરંતુ હું પરની સેવા વગેરે કામ કરી શકું એમ માનવું તે પરમાર્થ નથી. પણ એ માન્યતામાં તો આત્માના પરમાર્થનું ખૂન થાય છે. કોઈ આત્મા પરનાં કામ કરી શકતો જ નથી.

પ્રશ્ન :—આ ધર્મથી સમાજને તો કાંઈ લાભ થયો નહિ?

ઉત્તર :—વસ્તુનું સત્ય સ્વરૂપ તો આ પ્રમાણે જ છે. સમાજના જીવોને સત્યથી લાભ થાય કે અસત્યથી? બધાને સત્યથી જ લાભ થાય. જે સત્યથી એકને લાભ થાય તેનાથી જ અનંતને લાભ થાય. સંસારના જીવો સત્ય વસ્તુ સ્વરૂપ સમજ્યા નથી તેથી જ તેઓ દુઃખી છે, જો સત્ય વસ્તુસ્વરૂપ સમજે તો દુઃખ ટળે અને સુખનો લાભ થાય. સત્ય સમજ્યા વગર કોઈને લાભ થાય નહિ અને સત્યથી કદી કોઈને નુકસાન થાય નહીં. જે જીવોને નુકસાન થાય છે તે તેમને પોતાના અસત્ય ભાવનું (–મિથ્યા સમજણથી) જ થાય છે. આ સત્યમાં તો લાભનો જ ધંધો છે, તેમાં કોઈને નુકસાન છે જ નહિ.

પ્રશ્ન :—નિશ્ચયથી તો જીવ પરનું ન કરે, વ્યવહારથી પરનું કરી શકે–એવો અનેકાંત તો માનવો જોઈએ?

ઉત્તર :—તેની માન્યતા ખોટી છે. એવું માનવાવાળાને નિશ્ચય અને વ્યવહારનું જ્ઞાન જ નથી. નિશ્ચયનયથી કે વ્યવહારનયથી આત્મા પરનું કરી શકતો જ નથી. પરની

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—સ્વાનુભૂતિના કાળે શું આત્માના દરેક પ્રદેશમાં આનંદનું વેદન થાય છે?**

**સમાધાન :—**હા, તે કાળે ભેદનું લક્ષ્ય છૂટીને આત્માના દરેક પ્રદેશે આનંદ પ્રગટે છે. તે આનંદ સિદ્ધભગવાનને પૂર્ણ પ્રગટ થયો છે; સમ્યગ્દષ્ટિને અંશે વેદાય છે; છતાં જાત સિદ્ધભગવાન જેવી જ છે. તે આનંદગુણ આત્માના અસંખ્યપ્રદેશમાં વ્યાપેલો છે. તેની અનુભૂતિ થતાં વિકલ્પ છૂટી જાય છે અને જગતથી ન્યારો કોઈ અનુપમ આનંદ થાય છે. તેને જગતની કોઈ ઉપમા લાગુ પડતી નથી. તે આનંદનો ઇન્દ્રની પદવીના, ચક્રવર્તીની પદવીના કે બીજા કોઈ આનંદની સાથે મેળ ખાતો નથી. તે બહારના આનંદ તો લૌકિક રાગવાળા છે જ્યારે આ વીતરાગી આનંદ તો જુદો જ છે, તેનો કોઈની સાથે મેળ નથી. તે આનંદ વચનાતીત છે. જ્ઞાયકની મહિમા આવે, તેમાં સર્વસ્વતા લાગે, તેની રુચિ,—શ્રદ્ધા થાય તો જીવ તે તરફ વળે છે, તે વિના વળી શકતો નથી. બહારમાં જ જેણે સર્વસ્વ માની લીધું છે અર્થાત્ થોડી ક્રિયા ને શુભભાવ કરીને તેમાં સર્વસ્વ માની લે છે તેને આત્માની પ્રાપ્તિ (—સમ્યગ્દર્શન—સ્વાનુભૂતિ) થતી નથી.

અશુભથી બચવા શુભભાવ વચ્ચે આવે તેનાથી પુણ્ય બંધાય. પણ આત્મા તે બંનેથી ન્યારો છે તેવી શ્રદ્ધા થવી જોઈએ; અને શ્રદ્ધા થાય તો તે તરફ વળે. અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી, તે બધે ભમ્યો, બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી; આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી.

મુમુક્ષુઃ—મુમુક્ષુને—અમને તો વિકલ્પ જ દેખાય છે? તથા આપ જે આનંદની વાત કરો છો તે જાત જ કાંઈ જુદી લાગે છે?

બહેનશ્રીઃ—અનાદિથી વિકલ્પનો અભ્યાસ થઈ રહ્યો છે એટલે વિકલ્પ જ દેખવામાં આવે છે તથા વિકલ્પ મંદ થાય તો શાંતિ લાગે છે અને વિકલ્પ વધારે હોય તો આકુળતા લાગે છે. પરંતુ આ તો અંતરમાં વિકલ્પ રહિત થવાની વાત છે. આત્મા પોતે— સ્વયં જાગૃતસ્વરૂપ છે, અસ્તિસ્વરૂપ છે. તેનું અસ્તિત્વ કાંઈ ચાલ્યું ગયું નથી. વિકલ્પની અસ્તિ ચાલી ગઈ, છતાં પોતાનું અસ્તિત્વ ઊભું રહે છે અને તે અસ્તિત્વ ચૈતન્યપણે છે. તે ચૈતન્ય આનંદગુણથી ભરપૂર છે. તેનો આનંદગુણ કોઈ જુદો જ છે—અદ્ભુત છે અને

જ્ઞાનગુણ પણ કોઈ અદ્‌ભુત છે. એવા તો અનંતગુણો તેમાં છે. બધા વિકલ્પો છૂટી જાય તો પછી રહેશે કોણ? એક આત્મા રહે છે. તેમાં આનંદગુણ પ્રગટે છે, આનંદગુણની અનુભૂતિ થાય છે. વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી. તેથી તેને એમ થાય છે કે વિકલ્પ છૂટી જતાં પછી રહેશે શું? આનંદગુણથી ભરેલો આત્મા રહે છે. તે ચૈતન્ય અનંતગુણમાં ખેલે છે, રમે છે, ડોલે છે. કોઈ કહે છે કે અમને શાંતિ.....શાંતિ.....લાગે છે. પણ તે અમુક વિકલ્પ મંદ થાય તેની શાંતિ છે. જ્યારે આ શાંતિ તો કોઈ જુદી જ છે. તે પ્રગટ થતાં તેને અંદરથી તૃપ્તિ થાય છે કે આ સિવાય કોઈ માર્ગ નથી, આ જ મુક્તિનો માર્ગ છે.

***પ્રશ્ન :***—ભરત ચક્રવર્તી મુનિરાજની પ્રતિક્ષા કરતા હોય છે કે ક્યારે મુનિરાજ આહાર લેવા પધારે? અમારે આંગણે જાણે કલ્પવૃક્ષ આવ્યું! એમ સમજીને ભક્તિપૂર્વક આહારદાન આપે છે. આ રીતે ગુરુદેવ એક બાજુ મુનિરાજનું દાસત્વ અને બીજી બાજુ તું ભગવાન છો એમ કહે છે. તો તે બંનેનો મેળ કઈ રીતે છે? કૃપા કરી સમજાવશોજી.

**સમાધાન :**—દ્રવ્ય અપેક્ષાએ તું ભગવાન છો એમ ગુરુદેવ કહેતા હતા. આત્માનો દ્રવ્યસ્વભાવ ભગવાન જેવો છે, પણ પર્યાયમાં વિભાવ છે, અશુદ્ધતા છે. દ્રવ્ય અપેક્ષાએ આત્મા શુદ્ધ છે, જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ છે. પરંતુ પર્યાયમાં અધૂરાશ છે. ભરત ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હતા. પોતે ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે આહાર સમયે આહારદાનની ભાવના ભાવે છે કે કોઈ મુનિરાજ પધારે ને આહાર આપું. આવી ભાવના શ્રાવકોને—ગૃહસ્થોને હોય છે. કારણ કે હજી અધૂરાશ છે, સાધના ચાલે છે. આત્મા દ્રવ્ય અપેક્ષાએ સિદ્ધભગવાન જેવો છે તેવી શ્રદ્ધા પ્રગટ થઈ છે—સમ્યગ્દર્શન પ્રગટ થયું છે ને જ્ઞાયકની ધારા પ્રગટ થઈ છે, પણ પર્યાયમાં હજી અધૂરાશ છે, ચોથા-પાંચમા ગુણસ્થાનની ભૂમિકા છે માટે આવા ભાવ આવે છે.

મુનિરાજ તો મોક્ષમાર્ગમાં આગળ ગયા છે; છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે; સ્વરૂપની રમણતા કરી રહ્યા છે; સર્વસંગ પરિત્યાગી એક આત્મામાં ઝૂલનારા છે; આત્મામાંથી બહાર આવે ત્યારે કોઈવાર શાસ્ત્ર-સ્વાધ્યાય કે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર આદિ શુભભાવમાં રોકાય છે; વળી ક્ષણમાં અંદર જાય છે—એવા મુનિરાજને દેખીને સાધકને બહુ ભાવના થાય છે. આહારદાનનો ટાઈમ થાય ત્યારે કોઈ મુનિરાજ પધારે! એમ છ ખંડના અધિપતિ તથા ૧૪ રત્ન ને નવનિધિ જેની પાસે છે એવા ચક્રવર્તી પોતે આહારદાનની ભાવના ભાવે છે. કોઈ મુનિરાજ પધારે! મુનિરાજ આંગણે પધારતાં મારે આંગણે કલ્પવૃક્ષ ફળ્યું! એવી ભાવના તેને આવે છે. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ હોય છે, અને અંતરમાં શુદ્ધાત્મા ભગવાન જેવો છે એવી શ્રદ્ધા પણ હોય છે. બંને સાથે છે.

## બાળ વિભાગ

## ૪. અમૂઢદૃષ્ટિ–અંગનું વર્ણન

આત્માના હિતનો સત્યમાર્ગ જેણે જાણ્યો છે એવો ધર્મી જીવ સાચા–ખોટાની પરીક્ષામાં જરાય મુંઝાતો નથી. સાચા દેવ-ગુરુ-ધર્મને તથા ખોટા દેવ-ગુરુ-ધર્મને બરાબર ઓળખીને તે ખોટા માર્ગની પ્રશંસા પણ છોડે છે. અંતરમાં તો ખોટા માર્ગને દુઃખદાયક જાણીને છોડ્યો જ છે ને મનથી–વચનથી કે કાયાથી પણ તે કુમાર્ગની પ્રશંસા કે અનુમોદના કરતો નથી. વીતરાગ સર્વજ્ઞ અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજા કોઈ દેવને તે માને નહીં. રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિરાજ સિવાય બીજા કોઈ કુગુરુને તે માને નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગધર્મ, તે સિવાય બીજા કોઈ ધર્મને તે મોક્ષનું કારણ માને નહિ ને તેને સેવે નહીં.

આ રીતે, દેવ-ગુરુ-ધર્મ સંબંધી મૂઢતા ધર્મીને હોતી નથી. કુદેવ-કુગુરુ-કુધર્મને માનનારા જીવો સમાજમાં કરોડો મૂઢલોકો વડે પૂજાતા હોય, અરે ! એની પાસે દેવ આવતો હોય તોપણ ધર્મીને માર્ગની શંકા પડતી નથી, તત્ત્વમાં તે મુંઝાતો નથી. નિશ્ચય જે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ તેમાં તો મુંઝાતો નથી ને વ્યવહારમાં એટલે કે દેવ-શાસ્ત્ર-ગુરુ, તત્ત્વ વગેરેના નિર્ણયમાં પણ તે મુંઝાતો નથી. સુખનો માર્ગ એવો વીતરાગી જૈનમાર્ગ અને દુઃખનો માર્ગ એવા કુમાર્ગો, તેમની અત્યંત ભિન્નતા ઓળખીને કુમાર્ગનું સેવન-પ્રશંસા-અનુમોદના સર્વ પ્રકારે છોડે છે ને સત્યમાર્ગને સેવે છે.

કુમાર્ગને માનનારા જીવો ઘણા હોય ને સાચા માર્ગને જાણનારા જીવો તો થોડા જ હોય પણ તેથી ધર્મી મુંઝાય નહીં કે ક્યો માર્ગ સાચો હશે ! અરે ! હું એકલો હોઉં તોપણ મારા હિતનો જે માર્ગ મેં જાણ્યો છે તે જ પરમ સત્ય છે ને એવો હિતમાર્ગ બતાવનારા વીતરાગી દેવ-ગુરુ જ સત્ય છે; સ્વાનુભવથી મારું આત્મતત્ત્વ મેં જાણી લીધું છે, તેનાથી વિરુદ્ધ જે કોઈ માન્યતા હોય તે બધી ખોટી છે. આમ, નિઃશંકપણે ધર્મીએ કુમાર્ગની માન્યતાને અસંખ્યપ્રદેશેથી વોસરાવી દીધી છે. તે શુદ્ધદૃષ્ટિવંત જીવ કોઈ ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી કુદેવાદિને પ્રણામ–વિનય કરતો નથી.

અરે જીવ ! તને આવું મનુષ્યપણું મળ્યું, આવા સત્ય જૈનધર્મનો યોગ મળ્યો તો હવે આ અવસરમાં તારી વિવેકબુદ્ધિથી સાચા–ખોટાની પરીક્ષા કરીને નિર્ણય કર; આત્માને પરમ હિતકર એવા સર્વજ્ઞભગવાનનાં માર્ગનું સ્વરૂપ સમજીને તેનું સેવન કર.

# ઉપગૂહન–અંગમાં પ્રસિદ્ધ
# જિનેન્દ્રભક્ત શેઠની કથા

પાદલિપ્તનગરમાં એક શેઠ રહેતા હતા. તેઓ મહાન જિનભક્ત હતા, સમ્યક્ત્વના ધારક હતા અને ધર્માત્માના ગુણોની વૃદ્ધિ તથા દોષોનું ઉપગૂહન કરવા માટે પ્રસિદ્ધ હતા. પુણ્યપ્રતાપે તેઓ ઘણા વૈભવસંપન્ન હતા. તેમને સાત માળનો મહેલ હતો, તેમાં સૌથી ઉપરના ભાગમાં એક અદ્‌ભુત ચૈત્યાલય બનાવ્યું હતું. તેમાં રત્નમાંથી બનાવેલ ભગવાન પાર્શ્વનાથની મનોહર મૂર્તિ હતી, તેના ઉપર રત્નજડિત ત્રણ છત્ર હતા. તે છત્રમાં એક નીલમરત્ન ઘણું જ કિંમતી હતું. અંધારામાં પણ તે ઝગઝગાટ કરતું હતું.

હવે, સૌરાષ્ટ્રના પાટલિપુત્ર નગરનો રાજકુમાર કે જેનું નામ સુવીર હતું અને કુસંગને લીધે જે દુરાચારી તેમ જ ચોર થઈ ગયો હતો, તેણે એકવાર શેઠનું જિનમંદિર જોયું અને તેનું મન લલચાયું; ભગવાનની ભક્તિથી નહીં પરંતુ કિંમતી નીલમ રત્ન ચોરી કરવાના ભાવથી.

તેથી, તેણે ચોરલોકોની સભામાં જાહેર કર્યું કે જે કોઈ તે જિનભક્ત શેઠના મહેલમાંથી ઉપરનું રત્ન લાવી આપશે તેને મોટું ઇનામ મળશે.

સૂર્ય નામનો એક ચોર તે માટે તૈયાર થઈ ગયો તેણે કહ્યું–'અરે ! ઇન્દ્રના મુગટમાં રહેલું રત્ન પણ હું ક્ષણભરમાં લાવી દઉં ! તો આમાં શી મોટી વાત છે ?'

પણ, મહેલમાંથી એ રત્નને ચોરવું એ કાંઈ સહેલી વાત ન હતી. તે ચોર કોઈ રીતે ન ફાવ્યો તેથી છેવટે એક ત્યાગી શ્રાવકનો કપટી વેષ ધારણ કરીને તે શેઠના ગામમાં પહોંચ્યો. તેની બોલવાની છટાથી તેમજ વ્રત–ઉપવાસ વગેરેના દેખાવથી લોકોમાં તે પ્રસિદ્ધ થવા લાગ્યો. તેને ધર્માત્મા સમજીને જિનભક્ત શેઠે પોતાના ચૈત્યાલયની દેખરેખનું કામ તેને સોંપ્યું. ત્યાગીજી તો એ નીલમણિને દેખતાં આનંદવિભોર થઈ ગયા ને વિચારવા લાગ્યા કે ક્યારે લાગ મળે ને ક્યારે આ લઈને ભાગું !

એવામાં શેઠને બહારગામ જવાનું થયું, તેથી તે બનાવટી શ્રાવકને ચૈત્યાલય સાચવવાની ભલામણ કરીને શેઠે પ્રસ્થાન કર્યું ને ગામથી થોડે દૂર જઈને પડાવ નાંખ્યો.

રાત પડી...સૂર્યચોર ઊઠ્યો... નીલમણિરત્ન ખીસામાં નાખ્યું અને ભાગ્યો...પણ નીલમણીનો પ્રકાશ છૂપો ન રહ્યો; તે અંધારામાં પણ ઝગઝગતો હતો. આથી, ચોકીદારોને

> ''જેઓ એહી યતિપતિ પ્રભુ રે ! પ્રણામો કરે છે,
> નિશ્ચે તેઓ ઉરધ ગતિને શુદ્ધભાવે લહે છે.'' ૨૨.



શંકા થઈ અને તેને પકડવા તેની પાછળ દોડ્યા. અરે! મંદિરનો નીલમણિ ચોરીને ચોર ભાગે છે. પકડો..પકડો! એમ ચારેકોર દેકારો થયો.

હવે, સૂર્યચોરને બચવાનો કોઈ માર્ગ ન રહ્યો એટલે તે તો જ્યાં જિનભક્ત શેઠનો મુકામ હતો ત્યાં ઘૂસી ગયો. ચોકીદારો તેને પકડવા પાછળ આવ્યા. શેઠ બધો મામલો સમજી ગયા કે આ ભાઈસાહેબ ચોર છે. પણ, ત્યાગી તરીકે પ્રસિદ્ધ 'આ માણસ ચોર છે'—એમ જો લોકોમાં પ્રસિદ્ધ થશે તો ધર્મની નિંદા થશે—એમ વિચારીને બુદ્ધિમાન શેઠે ચોકીદારોને ઠપકો આપતાં કહ્યું—'અરે! તમે લોકો શું કરી રહ્યા છો? આ કોઈ ચોર નથી, આ તો 'સજ્જન—ધર્માત્મા' છે. નીલમણિ લાવવાનું તો મેં તેને કહ્યું હતું; તમે મફતનો એને ચોર સમજીને હેરાન કર્યો.'

શેઠની વાત સાંભળીને લોકો શરમાઈને પાછા ચાલ્યા ગયા. આ રીતે, એક મૂર્ખ માણસની ભૂલને કારણે ધર્મની નિંદા થતી હતી તે શેઠને કારણે અટકી—આને ઉપગૂહન કહેવાય છે. જેમ, એક દેડકાનાં દૂષિત થવાથી આખો દરિયો ગંધાઈ જતો નથી તેમ, કોઈ અસમર્થ નબળા મનુષ્ય દ્વારા નાનીશી ભૂલ થઈ જાય તેથી કાંઈ પવિત્ર જૈનધર્મ મલિન થઈ જતો નથી.

જેમ, માતા ઈચ્છે છે કે મારો પુત્ર ઉત્તમ ગુણવાન થાય; છતાં પુત્રમાં કોઈ નાનો-મોટો દોષ દેખાય તો તેને પ્રસિદ્ધ નથી કરતી પણ એવો ઉપાય કરે છે કે તેના ગુણની વૃદ્ધિ થાય. તેમ, ધર્માત્માઓ પણ ધર્મનો અપવાદ થાય તેવું કરતા નથી પણ ધર્મની પ્રભાવના થાય તેવું કરે છે. કોઈ ગુણવાન ધર્માત્મામાં કદાચિત્ દોષ થઈ જાય તો તેને ગૌણ કરીને તેનાં ગુણોને મુખ્ય કરે છે ને એકાંતમાં બોલાવી, તેને પ્રેમથી સમજાવી, જેમ તેના દોષ દૂર થાય ને ધર્મની શોભા વધે તેમ કરે છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

## વૈરાગ્ય સમાચાર :–

* નાઈરોબી નિવાસી શશીકાન્ત દેવશી નથુ માલદે (ઉ.વ. ૭૮) તા. ૨૮-૫-૨૦૨૦ના રોજ ટૂંકી માંદગીમાં દેહ પરિવર્તન થયેલ છે. તેમનામાં નાનપણથી જ ધર્મના સંસ્કાર સિંચાયેલા હતા.
* વાંકાનેર નિવાસી યોગેશભાઈ જયંતીલાલ શેઠનું તા. ૨૧-૯-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* પૂના નિવાસી વાનીતાબેન હિંમતલાલ મહેતા (ઉ.વ. ૯૨) તા. ૧૭-૧૨-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી ડૉ. સુભાષભાઈ જૈન (ઉ.વ. ૭૨) ટૂંકી બિમારીથી નાસિક મુકામે દેહ પરિવર્તન થયેલ છે.
* આપણા સોનગઢ તેમજ મલાડ મંડળના મુમુક્ષુ આપણા ટ્રસ્ટના સહપ્રતિષ્ઠાચાર્ય, પ્રવચનકાર, મલાડ મંદિરના સેક્રેટરી તથા શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળના સ્થાપક સદસ્ય શ્રી પ્રકાશભાઈ મનસુખભાઈ જૈન (ઉ.વ. ૬૫) તા. ૨૩-૧૨-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીથી દેહપરિવર્તન થયેલ છે. મલાડ મંદિરમાં તેઓ ખૂબ જ સક્રિય હતા.
* બોટાદ નિવાસી (હાલ મુલુન્ડ-મુંબઈ) આપણા આત્માર્થી મુમુક્ષુ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ (તેઓ સિદ્ધાર્થભાઈના માતુશ્રી તથા રૂપાબેનનાં સાસુ) (ઉ.વ. ૯૫) તા. ૨૭-૧૨-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધર્મની ખૂબ રુચિ ધરાવતાં હતાં અને અવારનવાર સોનગઢ આવીને ધર્મલાભ લેતા હતા.
* ચુડા નિવાસી (હાલ મુંબઈ) રમણિકભાઈ શાંતિલાલ ગોસળીયાનું તા. ૨૮-૧૨-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી આપણા આત્માર્થી મુમુક્ષુ શ્રી હર્ષદભાઈ પ્રભુલાલ કામદારના ધર્મપત્ની ઉષાબેન હર્ષદભાઈ કામદાર (ઉ.વ. ૬૯)નું તા. ૩૦-૧૨-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ ધર્મની ખૂબ રુચિ ધરાવતા હતાં અને અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો લાભ લેતાં હતાં.
* ઝાળિયાના નિવાસી (હાલ ઘાટકોપર) શ્રીમતી મંજુલાબેન પ્રતાપભાઈ ડેલીવાળા (ઉ.વ. ૮૨)નું તા. ૨-૧-૨૦૨૧ના દેહપરિવર્તન ટૂંકી બિમારીમાં થયેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ-પાર્લા-મુંબઈ) કિરીટભાઈ ચીમનલાલ ઝોબાલિયા (ઉ.વ. ૭૫)નું તા. ૭-૧-૨૦૨૧ના હાર્ટએટેકથી દેહપરિવર્તન થયેલ છે. તે છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ વધુ રહી લાભ લેતા હતા.
* પદ્મોપુકુર-કોલકાતા નિવાસી સ્વ. શ્રી પ્રવીણભાઈ મૂલશંકર દેસાઈના પુત્ર શ્રી દીપેનભાઈનું તા. ૯-૧-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* દાદર-મુંબઈ રહેવાસી આપણા આત્માર્થી મુમુક્ષુ શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ દોશી (ઉ.વ. ૯૬) તા. ૧૪-૧-૨૦૨૧ના દેહપરિવર્તન થયેલ છે. તેઓ અધ્યાત્મરસિક અને વર્ષોથી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો લાભ લીધો હતો.
* અમદાવાદ નિવાસી આપણા ટ્રસ્ટના પ્રવચનકાર તથા ખાડિયા મંદિરના પ્રમુખ શ્રી વિરાટભાઈ વોરાના ધર્મપત્ની ઇંદિરાબેન (ઉ.વ. ૭૮)નું તા. ૧૬-૧-૨૦૨૧ના દેહપરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા.
* ભાવનગર નિવાસી શ્રી વિનુભાઈ શાંતિલાલ સરવૈયા (ચૈતન્ય સ્ટોર) (ઉ.વ. ૭૩)નું તા. ૧૬-૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી શ્રીમતી અંજનાબેન ડી. શાહનું તા. ૧૬-૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૯૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) સંખ્યા અપેક્ષાએ ચોથા ગુણસ્થાને ................ જીવો હોય છે તેમનો ............. જુદો હોય છે પણ તે બધાય જ્ઞાનીની .................. જાતિ તો એક જ હોય છે.

(૨) સાચું પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ અને આલોચના ................મુનિઓને જ હોય છે.

(૩) ગજપંથા તીર્થક્ષેત્રથી ..................... બળભદ્ર મોક્ષ પામ્યા છે.

(૪) આત્મામાં અનંત ગુણો છે તેમાંથી કોઈ પણ ગુણ................. તેનો ધર્મ નથી.

(૫) જીવનો કાળ............................... હોય છે.

(૬) મોક્ષમાર્ગનો કાળ ............................. હોય છે.

(૭) મોક્ષનો કાળ ........................... હોય છે.

(૮) જિનવાણી સૂત્રોનાં અર્થ કરવાની પદ્ધતિ (૧) ................ (૨) ................ (૩) ................. (૪) ................ (૫)....................... હોય છે.

(૯) એકેન્દ્રિય જીવમાં જ્ઞાન છે પણ .......................... નહીં હોવાથી તેનામાં વિચાર શક્તિ નથી.

(૧૦) બહિરાત્મા (મિથ્યાદૃષ્ટિ) સંખ્યાએ............................. છે.

(૧૧) અંતરાત્મા (સમ્યગ્દૃષ્ટિ) સંખ્યાએ .......................... છે.

(૧૨) પરમાત્મા (સિદ્ધ ભગવાન) સંખ્યાએ ........................ છે.

(૧૩) ................................. હાથીને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન હતું

(૧૪) દેવો અને નારકીઓને વધુમાં વધુ ..................... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૫) તિર્યંચોને વધુમાં વધુ ..................... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૬) ભરતક્ષેત્રમાં મનુષ્યોને ચોથા કાળમાં વધુમાં વધુ .......... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૭) જીવદ્રવ્યનું દ્રવ્યકર્મમાં ........................ નથી.

(૧૮) મનુષ્યમાં .......................... વિષયોની લોલુપતા હોય છે.

(૧૯) સમ્યગ્દર્શન જીવદ્રવ્યનાં ................ ગુણની ................ પર્યાય છે.

(૨૦) વીતરાગતા જીવદ્રવ્યનાં ..................... ગુણની .................. પર્યાય છે.

## (૯૦) બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) કમંડળ એ મુનિરાજ માટે ................ છે. (ઉપકરણ, પરિગ્રહ, આસક્તિ)

(૨) છ કાયના જીવોની હિંસાથી વિરક્ત ન થવું તેને ................ કહે છે. (પ્રમાદ, મિથ્યાત્વ, અવિરતિ)

(૩) ક્રોધાદિ કષાયરૂપ પરિણતિને .................. કહે છે. (શુદ્ધોપયોગ, અશુભોપયોગ, શુભોપયોગ)

(૪) ઈષ્ટપદાર્થના વિયોગથી થતાં દુઃખરૂપ પરિણામને ................ કહે છે. (ભય, જુગુપ્સા, શોક)

(૫) સીમંધર આદિ વીસ તીર્થંકરમાં છઠ્ઠા તીર્થંકર ભગવાનનું નામ ............... છે. (ચંદ્રાનનસ્વામી, સ્વયંપ્રભ સ્વામી, ઈશ્વરસ્વામી)

(૬) તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનને ............. કહે છે.(સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર)

(૭) મુનિસુવ્રતનાથ ભગવાનનું જન્મધામ ........... છે. (અયોધ્યા, મિથિલા, રાજગૃહી)

(૮) કાળદ્રવ્યના ............... પ્રદેશ છે. (એક, અસંખ્યાત, સંખ્યાત)

(૯) જે બીજાના મનમાં રહેવાવાળા વિષયને જાણે તેને ............... કહે છે. (મનઃપર્યય, અવધિજ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન)

(૧૦) વિપરીતજ્ઞાનને ............... કહે છે. (સંશય, અનધ્યવસાય, વિપર્યય)

(૧૧) સાતમા સુપાર્શ્વનાથ ભગવાનનું લાંછન ................ છે.(મગર, હાથી, સ્વસ્તિક)

(૧૨) જે શરીર અને આત્માને એક માને તે ............... છે. (પરમાત્મા, બહિરાત્મા, અંતરાત્મા)

(૧૩) બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને સર્વથા ત્યાગ કરવાવાળા શુદ્ધોપયોગી મુનિ ............ અંતરાત્મા છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૧૪) બે થી ચાર ઈન્દ્રિય જીવોને ............. કહે છે. (સ્થાવર, વિકલત્રય, ત્રસ)

(૧૫) અંતરંગ અને બાહ્ય પરિગ્રહના ............. ભેદ છે. (૨૪, ૧૮, ૧૦)

(૧૬) પંદરમા ધર્મનાથ ભગવાનના વૈરાગ્યનું કારણ ............. હતું. (વાદળાનું વિખરાવવું, જાતિસ્મરણ, ઉલ્કાપાત)

(૧૭) છ દ્રવ્યમાં સૌથી વધુ સંખ્યા ................ દ્રવ્યની છે. (જીવ, પુદ્‌ગલ, કાળ)

(૧૮) અધોલોકની ઉંચાઈ ................. રાજુ છે (સાત, નવ, ચૌદ)

(૧૯) જેમાં ૬૩ શલાકાપુરુષની કથા હોય તેને .......... કહે છે. (ચરિત્ર, નિવેદન, પુરાણ)

(૨૦) સમસ્ત ધર્મોમાં સરખાપણું માનવું એ ........ મિથ્યાત્વ છે. (અજ્ઞાન, વિપરીત, વૈનયિક)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૨૫ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૨૫ થી ૬-૪૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જાન્યુઆરી– ૨૦૨૧ના ઉત્તર

| | | |
|---|---|---|
| ૧) બીજા સાધનોની, | ૯) અભવ્યત્વગુણ, | ૧૫) અનાદિ, |
| ૨) હેય, | ૧૦) આઠ, | ૧૬) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, |
| ૩) આકાશ, | ૧૧) જ્ઞાયકનો અભ્યાસ કરવો, | ૧૭) આત્માની |
| ૪) મોક્ષમાર્ગ પ્રકાશક, | ૧૨) નિયમ, | ૧૮) જ્ઞાતા-દૃષ્ટા (જાણવું-દેખવું) |
| ૫) સ્વયંભૂસ્તોત્ર, | ૧૩) ઋજુવાલિકા, | ૧૯) પરસમયઃ |
| ૬) નિગોદ–મોક્ષ, | ૧૪) શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ, | ૨૦) સોનાની, લોખંડ |
| ૭) નવનો, | | |
| ૮) ૩૨, | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧) સ્પર્શ | ૬) પાંચ | ૧૨) ૧૯૮૫ | ૧૭) પૂજ્ય ગુરુદેવશ્રી |
| ૨) કાળ | ૭) નંદીશ્વર | ૧૩) ચાર | ૧૮) બે |
| ૩) દેવ | ૮) વીર્ય | ૧૪) શુદ્ધાત્મા | ૧૯) અસંખ્યાત |
| ૪) પંડિત દૌલતરામજી | ૯) ચારિત્ર | ૧૫) મગર | ૨૦) અવધિ |
| ૫) મહાવિદેહ | ૧૦) પ્રદેશત્વ | ૧૬) પ્રથમાનુયોગ | |
| | ૧૧) શાંતિનાથ | | |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● દેહની સ્થિતિ પણ મર્યાદિત છે, કર્મની સ્થિતિ પણ મર્યાદિત છે ને વિકારની સ્થિતિ પણ મર્યાદિત છે. પોતાની પર્યાયમાં જે કાર્ય થાય છે એ પણ મર્યાદિત છે. અંદરમાં એટલે કે સ્વભાવમાં મર્યાદા ન હોય. પ્રભુ ! વસ્તુસ્વભાવ, જ્ઞાનસ્વભાવ આદિ ત્રિકાળી સ્વભાવની મર્યાદા ન હોય. ધર્મીની દૃષ્ટિ એ અમર્યાદિત સ્વભાવ ઉપર હોય છે. બહારના કાર્યમાં ધર્મી દેખાય પણ એ તો અમર્યાદિત સ્વભાવમાં ઝૂલે છે. ત્યાં તેની દૃષ્ટિ ચોંટી ગઈ હોય છે. ૪૪૧.

● પોતાની ચીજ અખંડ આનંદકંદ ચૈતન્ય છે તેની જેને ખબર નથી તે બધા ચાલતા મડદા છે. પછી ભલે તે કરોડોપતિ કે મોટો રાજા હોય, પણ પોતાની ચૈતન્યલક્ષ્મીનું ભાન નથી તે બધા ચાલતાં મડદા છે. દુનિયાના ડાહ્યા થઈને પાંચ પચ્ચીસ લાખ કમાતા હોય કે લૌકિક બુદ્ધિના ખાં થઈને ફરતા હોય પણ તે પોતાની પ્રભુતાના ભાન વિના, પોતાની મહાનતાના ભાન વિના, નરકાદિના અનંત અનંત દુઃખોને ભોગવવાના, કે જે દુઃખોનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહે તોપણ કહી શકાય નહિ એવા અનંત દુઃખોને પોતાના પ્રભુના ભાન વિના ભોગવવા પડશે. ૪૪૨.

● શુભરાગ પણ જેને પોષાતો નથી ને આત્મા પોષાય છે તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૪.


● પ્રશ્ન :—ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો ?

ઉત્તર :—એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ, એને ક્યાં શોધવા જવું છે ? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે ? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ ?—કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો, અદ્‌ભુતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા ! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ ! ખલાસ થઈ ગયું ! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ. ૪૪૫.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૧
અંક-૬ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-2-2021
Posted on 1-2-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org